
# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 51 ❖ Issue : 06 ❖ Pages : 32 ❖ Mumbai ❖ July 2023 ❖ Price : Rs.8/-



# ડૉ. શાંતિલાલ રતિલાલ કોરડીયા
## મેડિકલ સહાય યોજના



## ડૉ. શાંતિલાલ રતિલાલ કોરડીયા

આ યોજના હેઠળ જે પણ વ્યક્તિ **હોસ્પિટલ માં દાખલ** થયેલ હોય તેમને દવાના ખર્ચ રાહત પેટે અત્યાર સુધી **રૂપિયા ૩૦૦૦/-** સુધી સહાય રૂપે આપવામાં આવતા હતા.



૨૦૨૨ માં શ્રીમતી હર્ષાબેન મહેશભાઈ સાવડીયા તરફથી આ મેડિકલ સહાય યોજનામાં રૂપિયા પાંચ લાખની રકમનું દાન મળ્યું હોવાથી હવે પછી આ યોજના હેઠળ જરૂરિયાતમંદ **વ્યક્તિને રૂપિયા ૫૦૦૦/- સુધી સહાય રૂપે આપવામાં આવશે.**

**આ યોજના મુંબઈ પરિસર માં વસતા આપણા સમાજના મેમ્બર્સને હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યા હોય તેમના દવાના ખર્ચને પહોંચી વળવા માટેની છે જેની નોંધ લેશો.**

આ યોજનામાં લાભ લેવા ઇચ્છુક દર્દીને માટે નીચે મુજબના નિયમો છે.

એપ્લિકેશન લેટર સાથે નીચે મુજબના જરૂરી દસ્તાવેજો મોકલવા જરૂરી છે.

૧) હોસ્પિટલમાં દાખલ થયેલા એડમિશન કાર્ડની ઝેરોક્ષ

૨) હોસ્પિટલમાંથી ડૉક્ટર દ્વારા આપવામાં આવેલું હોય તે ડિસ્ચાર્જ કાર્ડની ઝેરોક્ષ **(ડિસ્ચાર્જ મળ્યો હોય તો)**

૩) મેડિસિન પ્રિસ્ક્રિપ્શન ઓરિજિનલ અથવા તો ઝેરોક્ષ

૪) દવાના બિલ ઓરિજિનલ અથવા તો ઝેરોક્ષ

૫) દર્દીના આધારકાર્ડ ની ઝેરોક્ષ

**વધુ વિગત માટે સંપર્ક કરો: શ્રી યોગશભાઈ વિનોદરાય વોરા (મો.) ૭૯૭૭૭૭૯૭૧૩**

સામાન્ય માનવી હોસ્પિટલ માં દાખલ થાય અને તેમને દવાના બિલમાં રાહત મળે તે હેતુ થી આ યોજના ઇ.સ.૨૦૦૭ માં ચાલુ કરવામાં આવી હતી. આપ સમાજના શ્રેષ્ઠીઓને આ યોજનામાં યોગ્ય ફાળો નોંધવા નમ્ર વિનંતી છે. રૂપિયા ૧ લાખ કે તેથી વધારે ફાળો લખાવનાર શ્રેષ્ઠીઓ ના મુખપત્ર માં ફોટા સાથે અનુમોદના કરવામાં આવશે.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર – મો. ૭૦૨૧૨૦૧૨૮૦**



**સમાજની કારોબારી સમિતિ**

| | |
|---|---|
| શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા......... | પ્રમુખ |
| શ્રી મહેશભાઈ મથુરદાસ સાવડીયા ........... | ત.ભૂ.પ્રમુખ |
| શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા................... | ઉપપ્રમુખ |
| શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા............. | માનદ્મંત્રી |
| શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી......... | માનદ્મંત્રી |
| શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા......... | ખજાનચી |
| શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર.......... | મુખપત્ર તંત્રી |
| શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા................ | સભ્ય |
| શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી.............. | સભ્ય |
| શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી................. | સભ્ય |
| શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા............ | સભ્ય |
| શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા................. | સભ્ય |
| શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી................. | સભ્ય |
| શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા.............. | સભ્ય |
| શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.................. | સભ્ય |
| શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા................. | સભ્ય |
| શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા................. | કો-ઓપ્ટ |
| શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા................ | કો-ઓપ્ટ |



**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB0BULLIO, **MICR :** 400012047

**NAME : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩, મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


## હવે ફિઝીઓથેરાપી ડોક્ટર બનવા માટે સ્પેશિયલ સ્કીમ ભુજમાં ચાણક્ય ઓફ ફિઝિઓથેરાપીના જૈન ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પહેલા ડોક્ટર બનો, પૈસા પછી હપ્તે થી ચૂકવો

સમગ્ર કચ્છ, ગુજરાત અને ભારતના સાયન્સ સ્ટ્રીમના જૈન બાળકો જોઈચ્છે તો ડૉક્ટર બની ને પોતાની સર્વશ્રેષ્ઠ કારકિર્દી બનાવી શકે, વગર પૈસે. ધ તક્ષશિલા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ભુજ અને કચ્છની એક માત્ર કોલેજ ચાણક્ય કોલેજ ઓફ ફિઝિઓથેરાપીના જૈન ટ્રસ્ટીશ્રીઓએ ૧૨ સાયન્સ બાયોલોજી સબ્જેક્ટ સાથે પાસ આઉટ કચ્છ,ગુજરાત અને સમગ્ર ભારતની દીકરી-દીકરાઓ માટે પુરા ૪ વર્ષ અને ૬ મહિનાના ફિઝિઓથેરાપીસ્ટ કોર્ષ દરમ્યાન એક પણ રુપિયો ફી લીધા વગર ડોક્ટર બનવાનું સ્વપ્ન પૂરું કરી શકે એવું નક્કી કર્યું છે.

ફિઝિઓથેરાપી ટ્રીટમેન્ટ હવે ખૂબ વિસ્તાર પામી છે. સ્પોર્ટ્સ,ન્યુરો,ઓર્થો,કારડીઓ,પીડિયા, જેવા અનેક એરિયામાં પોતાનું નોલેજ ઉપરાંત રોબોટિક્સ જેના અનેક લેટેસ્ટ ગેજેટ્સ સાથેચ્શ્ર્યર્યજનક સફળતાના પરિણામ પ્રાપ્ત થઈ રહ્યા છે. વિદેશમાં જે અત્યંત ઉચ્ચ માન રહી છે અને દિન-પ્રિતિદિન ભારતમાં જેનું ભવિષ્ય ખૂબ જ ઝડપથી ઉજ્જવળતા પૂર્વક વિસ્તારી રહ્યું છે એવી ફિઝિઓથેરાપીસ્ટની ડિગ્રી મેળવી,સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી, લોકો ની સેવા કરવાના ઉમદા ધ્યેય સાથે પોતાનું સ્વતંત્ર ક્લિનિક સ્ટાર્ટ કરી શકાય છે.

દીકરી કે દીકરો પોતાનું ક્લિનિક સ્ટાર્ટ કરી, આત્મનિર્ભર બનીને પોતાની આવકમાંથી પોતાની ફી વગર વ્યાજના સાવ નાનકડા સરળ માસિક હપ્તામાં ભરી શકે છે.

માં બાપ પર એક પણ રુપિયાનો આર્થિક બોજો આવ્યા વગર ડોક્ટર બનવાનું સ્વપ્ન પુરું કરી, પોતે આત્મનિર્ભર બની લોકોની સેવા કરી દેશને સ્વસ્થ અને મજબૂત બનાવવા આ નવતર સંકલ્પનો લાભ લેવા જૈન જ્ઞાતિના બાળકો અને એમના માતાપિતા ને વિચારવા જેવું છે. આ યોજનાની વધુ માહિતી માટે Dr.Vijaybhai - 9978112771 / 7985134434 ના નંબર પર સંપર્ક કરી વાલીશ્રીઓ માહિતી મેળવી શકશે. હાલ, જૈનો માટે રિઝર્વ સીટ પર એડમિશન લેવા ઈચ્છુક વાલી તાત્કાલિક સંપર્ક કરે

# ORACLE INTERNATIONAL

**(An ISO9001:2015 TUV CERTIFIED Company)**

**Manufacturer & Exporter of Brass Components**

**Contact Person :**
**Mr. Jay Shah (Director)**
**Mobile : +91 9624640055**



**Contact Person :**
**Mr. Dhaval Shah (Director)**
**Mobile : +91 99042 24204**

**Factory & Head Office :**

Plot No.-10, Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump, Near Kansumra Jamnagar - 361005,
Gujarat (India)Tel. No. (0288) 2568527 / 2568528.

**Email : info@oracleint.com / sales@oracleint.com**

**Website : www.oracleint.com**

**Sister Concern :**

## M/s. Everest Brass Industries

**Factory & Head Office :**

Works - Plot No.10,
Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump,
Near Kansumra, Jamnagar - 361005,
Gujarat India
M. : +91 9428860154 / 9328218008
**Email : everestbrass@gmail.com**


**Mumbai Office :**

Mr. Jayesh Vasa,
C-4, 1st Floor, Shreyas Apt.,
Ashok Road, Near Damodarwadi,
Kandivali (E), Mumbai - 400101.
Mobile : +91 9322266714
Email : jvasa05gmail.com

## તંત્રી સ્થાનેથી....

શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર - મો. : ૭૦૨૧૨૦૧૨૮૦

# "સફળતા અને સુખની ચાવી"



સામાન્ય રીતે આપણે શારીરિક અને માનસિક શક્તિઓનો ઘણો થોડો ઉપયોગ કરતા હોઈએ છીએ. આપણી પોતાની શક્તિઓને આપણે વિકસાવીને તેનો ઉપયોગ કરી શકતા નથી. આપણી આંતરિક શક્તિઓને વિવિધ રીતે વિકસાવવાનું કાર્ય આપણે કરતા નથી. આપણી પોતાની શક્તિઓનો પૂર્ણ પણે ઉપયોગ કરવામાં આપણે નિષ્ફળ રહેતા હોઈએ છીએ. નિષ્ફળ વ્યક્તિ પોતાની જાત સિવાય બધાને દોષી ગણે છે. Compare to what we ought to be we are only half awake. સરખામણીમાં આપણે જેટલા હોવા જોઈએ તેના કરતા ફક્ત અડધા જ જાગૃત છીએ.

સફળતા મેળવવા માટે નો મુખ્ય મંત્ર : તમે બીજા સાથે કઈ રીતે વ્યવહાર કરો છો તે છે. તમારી વાણી તમારા વિચાર તથા તમારું વર્તન સામી વ્યક્તિને તમારા તરફ પ્રેરીત કરે છે. તમારો યોગ્ય વ્યવહાર તમારા કાર્યને સરળ બનાવી દે છે. સામી વ્યક્તિ તમને અનુકુળ થાય તેના કરતાં તમે સામી વ્યક્તિને અનુરૂપ બની જાવ તો તમારું કામ ગમે તેટલું કઠિન હોય તો પણ આસાન બની જાય છે. બીજાને સુધારવાની કોશિશ કરવા કરતા આપણે આપણી જાતને સુધારવાનો પ્રયત્ન સફળતા ની ગુરુચાવી છે. ચીનના મહાન ફીલોસોફર કન્ફયુસીસ (Confucius) કહે છે કે DO NOT COMPLAIN ABOUT THE SNOW ON YOUR NEIGHBOUR'S ROOF WHEN YOUR OWN DOOR STEP IS NOT CLEAN

બને ત્યાં સુધી કોઈપણની ટીકા કરવાથી દૂર રહેવું કેમ કે કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ હોતી નથી. કાર્ય કરનારને ખબર હોય છે કે તે કાર્ય કરવામાં કેટલી અડચણ નડતી હોય છે. કેટલી મહેનત કરવી પડતી હોય છે. આપણા શબ્દો રૂપી ટીકાના બાણથી તેમના હ્રદયમાં પડેલો ઘાવ ક્યારેક ક્યારે રૂઝાતો નથી. બીજાની ટીકા કરવાને બદલે તેમની લાગણી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમના કાર્યમાં મદદરૂપ ન થઈ શકે તો કંઈ નહીં પરંતુ તેમના કાર્યમાં સહકાર આપવાનો ઉમળકો જરૂર બતાવવો જોઈએ. જો તમે તેમને સમજી શકશો તો તેમના કાર્યમાં કદાચ રહેલી ઉણપને પણ નજર અંદાજ કરી શકશો. (TO KNOW ALL IS TO FORGIVE ALL)

તમે તમારા કાર્યની મહત્તા બતાવવાનો ક્યારેય પ્રયત્ન ન કરો. લોકો તમારા કાર્યને બિરદાવે તેની રાહ જુઓ. તમારું કાર્ય વખાણવા લાયક હશે તો લોકો જરૂર તેને બિરદાવશે, પણ તેને ઉતાવળેથી મેળવવાનો પ્રયત્ન ક્યારેક હાસ્યપદ બની જતો હોય છે. ઝટપટ પ્રસિધ્ધિ મેળવવાની આજકાલ હોડ લાગેલી છે. ઘણા માણસોને આપણે યેનકેન પ્રકારે પ્રસિધ્ધિ માટે વલખા મારતા જોઈએ છીએ. દરેકને પોતાનું નામ લોકોની જીભે રમતું થાય તેવી ઈચ્છા હોય છે. અને પ્રસિધ્ધિ મળતા જ તેની અસર ઘણીવાર તેના મન પર પણ થતી હોય છે. વખાણ અને ભાટાઈ (સામી વ્યક્તિને સારું લગાડવા માટે લાયકાત ન હોવા છતાં કરવામાં આવતા વખાણ) વચ્ચે એક આછી ભેદરેખા હોય છે. દરેકે તે ભેદરેખા ને સમજીને આગળ વધવું જોઈએ. એક વાર વખાણ સાંભળવાની આદત આગળ જતા વ્યસન બની જાય છે. કહેવાય છે ને કે **('ખુશામત ખુદા કો ભી પ્યારી લગતી હૈ')** પછી સાચી રીતે કરવામાં આવતી ટીકા પણ ખૂબ જ વસમી લાગે છે. આ વાત સમયસર સમજી ન શકીએ તો પતનનું કારણ બની શકે છે.

સુખી-સફળ થવા માટે આપણી પાસે શ્રેષ્ઠ મિત્ર વર્તુળ હોવું જોઈએ. જરૂરી નથી કે મિત્રો આર્થિક રીતે ખૂબ સધ્ધર જ હોય અથવા તો દરેક બાબતમાં આપણી જ તારીફ કરતા હોય. સારા મિત્રો જ આપણને આપણા કપરા સમયમાં મદદરૂપ બની શકે છે અને માર્ગદર્શન પણ આપી શકે છે. આપણી ઉણપો પ્રત્યે કોઈ ટીકા ટિપ્પણી કરવાને બદલે આપણી લાગણી ન દુભાય તેનું ધ્યાન રાખીને તે ઉણપ પ્રત્યે આપણું ધ્યાન દોરે છે. સારું મિત્ર વર્તુળ આપણી આગવી ઓળખ ઊભી કરે છે. આપણે કેવા મિત્રો વચ્ચે રહીએ છીએ તેના પરથી લોકો આપણી કિંમત આકતા હોય છે.

**(અંત માં: આંપણા કપરા કાળમાં - આપણી એકલતામાં ભાગ લેવા માટે પૈસો નહીં, પણ આપણા સારા મિત્રો જ કામ લાગશે આ એક સનાતન સત્ય છે.)**

# સુખ – જિન દર્શન

**શ્રી મહેન્દ્રભાઈ પુનાતર**

**"સુખી થવાનું સહેલું પણ બીજાથી વધું સુખી થવાનું કઠિન**

**જરૂર પૂરતું ધન, સારું આરોગ્ય અને સંતાનો તરફથી પ્રેમ હોય તો સમજો" સુખનાં ટાપુ પર પહોંચી ગયા.**

સુખ શું છે ? અને કેવી રીતે મેળવી શકાય ? એ અંગે ઘણું ઘણું લખાય છે અને વંચાય છે. આમ છતાં આ સુખનો ટાપુ કોઈ શોધી શક્યું નથી. દરેક માણસે પોતે જ પોતાની રીતે આ ટાપુ પર પહોંચવાનું હોય છે. સુખ કોઈ આપી શકતું નથી. જાતે મેળવવાનું હોય છે. સંતોષ અને આનંદ જેવું બીજુ કોઈ સુખ નથી. પ્રાપ્તિ અને અભાવ બંનેમાં જે આનંદ અનુભવે છે તેને સુખને શોધવાની જરૂર નથી. મોન્તેસ્ક નામના ચિંતકે કહ્યું છે કે 'માણસને સુખી થવું હોય તો બહુ સહેલું છે. પરંતુ માણસને તો બીજા કરતા વધુ સુખી થવું છે એટલે આ વાત મુશ્કેલ બને છે.' બીજા કરતાં સુખી થવાનું બહુ કપરું છે. કારણકે બીજાઓ હોય છે તેના કરતાં આપણે તેમને વધુ સુખી માનીએ છીએ. આપણને દરેક માણસ આપણા કરતાં વધુ સુખી લાગે છે. કારણ કે સુખ બહાર દેખાય છે અને દુઃખ અંદર ધરબાયેલું હોય છે. બહારથી સુખી દેખાતા માણસોને પણ પોતાના દુઃખ અને વ્યથાઓ હોય છે. પણ તેની આપણને ખબર પડતી નથી.

માણસની પાસે જે હોય છે તેની કિંમત રહેતી નથી. પોતાની પાસે જે નથી અને બીજા પાસે જે છે તે તેનું આકર્ષણ રહેતું હોય છે. અને તે માણસનું સુખ બની જાય છે. કોઈને ધનનું કે કોઈને મનનું કે કોઈને તનનું સુઃખ જોઈતું હોય છે. એક સાથે બધા સુખો કોઈ નસીબદારને જ મળતા હોય છે. મોરારી બાપુએ તેમની કથામાં આ પ્રશ્નની છણાવટ કરતા કહ્યું છે. "ધન ઓછું, તન મધ્યમ અને મન મોટું એ માણસ સુખી" તેમણે ધન અને લક્ષ્મી વચ્ચે શુ ફરક છે તે પણ સારી રીતે સમજાવ્યું છે. "સરળતાથી મળે અને કષ્ટથી વપરાય એનું નામ ધન અને કષ્ટથી મળે અને સરળતાથી વપરાય એનું નામ લક્ષ્મી" મન તો આભ જેવું મોટું જોઈએ.

માત્ર ધનદોલત અને ઐશ્વર્યથી માણસ સુખી થઈ શકતો નથી. જો એમ હોય તો બધા ધનિક માણસો સુખી હોય. માણસને પેટ પૂરતું ભોજન, અંગ ઢાંકવા માટે વસ્ત્રો અને રહેવા માટે છાપરું મળે તો દુઃખી થવાનું કોઈ કારણ નથી. ભૂખ હોય તો સૂકો રોટલો પણ મીઠો લાગે અને તૂટી ખાટ પર પણ માણસ ચેનથી ઊંઘી શકે, દુઃખ મનનું છે, સરખામણીનું છે. સુખ અને દુઃખમાં જે સમભાવ અનુભવી શકે છે તે સુખ દુઃખથી પર થઈ જાય છે. ધર્મનો આ જ બોધ છે. આ દુનિયામાં કશું શાશ્વત નથી. સુખ અને દુઃખની પણ એક સીમા છે. આ એક પરિસ્થિતિ છે. પલટાયા કરે છે. સુખ અને દુઃખ માણસ માટે જુદું છે. એકનું સુખ બીજાનું દુઃખ પણ બની શકે છે. આ બાબત દરેક વ્યક્તિ પર નિર્ભર છે.

માણસ ઈચ્છે છે કે બસ જીવનમાં સુખ અને સુખ મળતું રહે, દુઃખ બિલકુલ રહે નહીં. પરંતુ જીવનમાં એકલું સુખ નથી. સુખની સાથે દુઃખ સંકળાયેલું છે. એટલે દુઃખની એવી પરિસ્થિતિમાં જીવન દુષ્કર લાગે છે. આપણે એવી દુનિયા ઈચ્છીએ છીએ કે જેમાં દિવસને દિવસ હોય, રાત ન હોય. આપણે એવી દુનિયા ઈચ્છીએ છીએ કે જેમાં જુવાની અને જુવાની રહે, બુઢાપો કદી ન હોય, આપણે એવી દુનિયા ઈચ્છીએ છીએ કે જ્યાં કોઈ શત્રુ ન હોય, બધા મિત્રો જ હોય. આપણે એવી દુનિયા ઈચ્છીએ છીએ કે જ્યાં ચારે બાજુ પ્રેમના સાગર છલકાતા હોય. ધૃણા અને તિરસ્કારને ક્યાંય સ્થાન ન હોય. પરંતુ આ શક્ય નથી. બધું સાથે સાથે છે. એકબીજાથી સંકળાયેલું છે. મીઠાશ સાથે ખટાશ પણ છે. ખટાશ મીઠાશ નું પ્રથમ ચરણ છે. ફળ કાચું હોય ત્યારં ખાટું લાગે છે. પાકે છે ત્યારે મીઠું બની જાય છે.

સુખ અને દુઃખ એક વૃક્ષના બે હિસ્સા છે. સુખ મૂળ છે અને દુઃખ પાંદડા. આપણે મૂળને પાણી આપતાં રહીએ છીએ એટલે પાંદડા પણ બચી જાય છે. આપણે એક હિસ્સાને ટકાવી રાખવા માંગીએ છીએ અને બીજાને ખતમ કરવા ઈચ્છીએ છીએ. એક ભાગને બચાવવાની આપણે કોશિષ કરીએ છીએ એટલે બીજો ભાગ પણ બચી જાય છે. આપણે મિત્રો જ ઈચ્છીએ છીએ એટલે કોઈ શત્રુ બની જાય છે. સુખ જોઈએ છે તો દુઃખ ભોગવવાની તૈયારી રાખવી પડશે.

ક્રોધ, માન, માયા અને લોભ સુખમાં જીવવાની ઈચ્છાથી ઉભા થતા કસાયો છે. માણસ સુખ ઈચ્છે છે એટલે એમાં કોઈ બાધારુપ બને તો ક્રોધ ઊભો થાય છે. આ સુખમાં જે સહાયરુપ કે આધાર બને તેના પ્રત્યે રાગ ઉભો થાય છે. જ્યારે એમ લાગે છે કે આ સુખ ટકી નહીં શકે ત્યારે વધુને વધુ ભેગું કરવાની લાલસા અને લોભ ઊભો થાય છે. જ્યારે માણસને એમ લાગે કે મારું સુખ સલામત છે.મારા

જેવું કોઈ નથી ત્યારે અહંકાર ઊભો થાય છે.

આ ચારેમાં માણસ પોતાને બચાવવાની કોશિષ કરતો હોય છે. માણસ જ્યારે એમ ઈચ્છે છે કે હું કેવી રીતે બચું, આમાંથી કેવી રીતે ઊગરી જાઉં ત્યારે માણસ પોતાને બચાવવા બીજાને મીટાવવાની કોશિષ કરશે. જ્યાં સુધી માણસ બીજાના ભોગે પોતાને બચાવવાની કોશિષ કરતો રહેશે ત્યાં સુધી આત્મદર્શન નહીં થાય. હિંસા છે ત્યાં સુધી સુખ શાંતિ નથી. હિંસાના કારણે આ બધી આપત્તિ છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે બીજાને મિટાવવાની વાત છોડી દો, જે માણસ બીજાને મીટાવવાની વાત છોડી શકશે તે સ્વયંને બચાવી શકશે.

જીવનમાં સાચું સુખ અને શાંતિ શેમાંથી ઉદભવે, એ કઈ રીતે પ્રાપ્ત થાય, એના માટે શું કરવું જોઈએ. એવા પ્રશ્નો હર કોઈના દિલમાં ઉદભવે છે. દુઃખ, મુશ્કેલી અને માંદગીના સમયમાં ઉપરના પ્રશ્નોની આંતરખોજ સતત ચાલ્યા કરતી હોય છે. સાચું શું અને ખોટું શું એની પરખ કરવાની કસોટી આવા કટોકટીના કાળમાં પ્રાપ્ત થાય છે. દુઃખ, મુશ્કેલી અને આફત કઠોર માણસને પણ નરમ બનાવી નાખે છે. આવા સમયે અંતરમાં ડોકિયું કરવાની ફુરસદ મળે છે. જીવનનો હિસાબ કિતાબ આવા સમયે થાય છે. ખોટા કામો કર્યા હોય તો તેનો પસ્તાવો પણ થાય છે.

સાચું સુખ અને શાંતિ અંતરની છે. બહારની નથી. બહારનું ગમે તેટલું સુખ હોય પણ અંદર અજંપો હોય તો સાચું સુખ અનુભવી શકાતું નથી. સુખ અને શાંતિ ભીતરમાં છે તો બહાર કેમ ઉદભવતી નથી એવો પ્રશ્ન પણ થાય. જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે અંદર જે કચરો છે, જે જાળાઓ ગુંથાયેલા છે તેને દૂર કરવાની જરૂર છે. સ્વાર્થ, કામ, ક્રોધ, લોભ, વાસના, અહંકાર અને પૂર્વગ્રહના અવરણો અંદરના સુખ અને શાંતિને બહાર નીકળવા દેતા નથી. જીવનમાં રાગ અને દ્વેષ પ્રબળ છે. તે માણસને ગુલામ બનાવી નાખે છે.

જીવનમાં જેટલી જરૂરિયાત ઓછી એટલું સુખ. મારાપણુ આવ્યું એટલે બધુ ખતમ. મારી મિલકત, મારા પૈસા, મારી મહેલાતો, મારી કીર્તિ આ બધી વાત આવે એટલે સ્વાર્થ શરૂ થયો. જરૂર પૂરતું ધન, સારૂં આરોગ્ય અને સંતાનો તરફથી પ્રેમ મળતો હોય તો સુખને ક્યાંય શોધવા જતા નહીં. એમ સમજજો કે સુખનો ટાપુ તમારા હાથમાં આવી ગયો. પારિવારિક શાંતિ, પ્રેમ અને સ્નેહની સરવાણીઓ જીવનમાં નવું જોમ બક્ષે છે.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈ

### સમાજને ભેટ

| | |
|---|---|
| રૂા.૧૦૦૦/- | શ્રી પ્રવિણચંદ્ર મનસુખલાલ શેઠ પરિવાર તરફથી શ્રી પ્રવિણભાઈ ના આત્મશ્રેયાર્થે |
| રૂા.૭૫૦/- | શ્રી વિનોદભાઈ જયસુખલાલ કોરડીયા પરિવાર તરફથી શ્રીમતી અંજનાબેન વિનોદભાઈ કોરડીયાના આત્મશ્રેયાર્થે |
| રૂા.૫૦૦/- | શ્રી ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડીયા પરિવાર તરફથી શ્રીમતી સોનલબેન નિલેશભાઈ કોરડીયા ના આત્મશ્રેયાર્થે |
| રૂા.૫૦૦/- | શ્રી માતુશ્રી લલિતાબેન જેઠાલાલ શાહ તરફથી શ્રીમતી સોનલબેન નિલેશભાઈ કોરડીયાના આત્મશ્રેયાર્થે |
| રૂા.૨૫૦/- | શ્રી નિતીનભાઈ પ્રવિણચંદ્ર દોશી તરફથી ચિ.નેહલના લગ્ન પ્રસંગે |

### શૈક્ષણિક સહાય

| | |
|---|---|
| રૂા.૧૦૦૦/- | શ્રી પ્રવિણચંદ્ર મનસુખલાલ શેઠ પરિવાર તરફથી શ્રી પ્રવિણભાઈના આત્મશ્રેયાર્થે |
| રૂા.૭૫૦/- | શ્રી વિનોદભાઈ જયસુખલાલ કોરડીયા પરિવાર તરફથી શ્રીમતી અંજનાબેન વિનોદભાઈ કોરડીયાના આત્મશ્રેયાર્થે |
| રૂા.૫૦૦/- | શ્રી ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડીયા પરિવાર તરફથી શ્રીમતી સોનલબેન નિલેશભાઈ કોરડીયાના આત્મશ્રેયાર્થે |
| રૂા.૨૫૦/- | શ્રી નીતિનભાઈ પ્રવિણચંદ્ર દોશી તરફથી ચિ.નેહલના લગ્ન પ્રસંગ |
| રૂા.૨૫૧/- | શ્રી જયેન્દ્રકુમાર મણીલાલ વોરા પરિવાર તરફથી શ્રીમતી ભાનુબેન જયેન્દ્રકુમાર વોરાના આત્મશ્રેયાર્થે |

### મુખપત્ર ભેટ

| | |
|---|---|
| રૂા.૭૫૦/- | શ્રી વિનોદભાઈ જયસુખલાલ કોરડીયા પરિવાર તરફથી શ્રીમતી અંજનાબેન વિનોદભાઈ કોરડીયાના આત્મશ્રેયાર્થે |
| રૂા.૨૫૦/- | શ્રી નીતિનભાઈ પ્રવિણચંદ્ર દોશી તરફથી ચિ.નેહલના લગ્ન પ્રસંગે |

### ડૉ.શાંતિલાલ રતિલાલ કોરડીયા મેડીકલ સહાય

| | |
|---|---|
| રૂા.૭૫૦/- | શ્રી વિનોદભાઈ જયસુખલાલ કોરડીયા તરફથી શ્રીમતી અંજનાબેન વિનોદભાઈ કોરડીયાના આત્મશ્રેયાર્થે |
| રૂા.૨૫૦/- | શ્રી નીતિનભાઈ પ્રવિણચંદ્ર દોશી તરફથી ચિ.નેહલના લગ્ન પ્રસંગ |
| રૂા.૨૫૧/- | શ્રી જયેન્દ્રકુમાર મણીલાલ વોરા પરિવાર તરફથી શ્રીમતી ભાનુબેન જયેન્દ્રકુમાર વોરાના આત્મશ્રેયાર્થે |

તંત્રી - લેખ ના સંદર્ભ

# “વાતને થોડી આગળ વધારીએ”

શ્રી મધુભાઈ ભીમાણી

સો.વિ.મુખપત્રના મે -૨૦૨૩ના અંકમાં અર્થસભર તંત્રીલેખ છે. ‘સંબંધો પહેલાના અને આજ.’ના તંત્રીશ્રી રાજેન્દ્રભાઈએ મારું ધ્યાન દોર્યું. સંબધ અને તેના સંદર્ભે લખવું મને ગમે. જે વિચારોની તે તંત્રી લેખના આધારે મનમાં આવન જાવન થઈ તે તમારી સાથે શેર કરવા માગુ છું.

પ્રથમ તંત્રી લેખ બાબત. લેખમાં એમના પિતાશ્રી અને એમના ગામના ખેડૂતભાઈ બધાભાઈ પટેલનો જે દાખલો આપ્યો છે તે વાગોળવા જેવો છે. એમાં બધાભાઈ જે કહે છે ‘કે આપણા ઓતાબાપાને ત્યાં ઉતરીશ’ તેમાં એકબીજા પરનો વિશ્વાસ નજરે ચઢે છે. સારવાર માટે કોઈને ત્યાં ઉતરવું ત્યાં રહેવું ને સારવાર અર્થેની બધી જવાબદારી ઉતારો આપનારાએ નિભાવવી અને એ પણ નિસ્વાર્થ ભાવે અને હૃદયના ઉમળકાથી, એ અત્યારે બનવું તદ્દન મુશ્કેલ છે.

એ આપણે સૌ જાણીએ છીએ એ જમાનામાં હૃદયને, વગર પ્રયાસે વિશેષ પ્રાધન્ય મળતું. દિલ તગડું રહેતું. “આપણા” (રીપીટ : આપણા) ઓતાબાપા એ શબ્દ તો હૃદયની વાણી બની જાય તેવો ગળચટો છે! એ અર્થમાં લેખમાં ગઈકાલની અને આજની પરિસ્થિતિમાં લેખાં જોખા થાય છે. આગળ જતા એક નિરીક્ષણ રૂપે લખે છે : ‘આજે અંગત સ્વજનને ઘરે જતાં પહેલા આગોતરી જાણ કરવી પડે છે. અનુકૂળ છે કે નહીં તે જાણવું પડે છે.’

મૂળ વાત છેલ્લે આવે છે શબ્દો ચોર્યા વગરની વાત બેધડક: ‘આ પરિસ્થિતિ માટે જવાબદાર કોણ? અલબત આપણે જ જવાબદાર છીએ. બધા સંબંધો આપણે આપણી અનુકૂળતા અને સગવડતાઓ પ્રમાણે બાધીએ છીએ - લાગણીથી નહીં.’ તો કરવું શું? તેના જવાબમાં તેઓશ્રી લખે છે. આ પરિસ્થિતિમાં આપણે આપણા કુટુંબ સાથેના સંબંધોને વધારે ગાઢ બનાવીને કુટુંબને વધુ મજબૂત, વધુ સમૃધ્ધ બનાવી શકવાનો પ્રયત્ન કરવો જોઈએ. ‘સંતાનોને વારસામાં વધારે ધન સમૃધ્ધિ ના આપી શકીએ તો ચાલશે પણ સમૃધ્ધ કુટુંબ સંબંધવાળો વારસો જરૂર આપી શકીએ.’

વાતની બાંધણી માટે તંત્રી લેખનો ઉલ્લેખ અને તેમાં આવેલ ‘સંબંધો’ બાબતોનું વિવરણ જરૂરી રહ્યું તે આપણે ઉપર વાંચ્યું. હવે વાતને આગળ વધારીએ.

સંબંધો એટલે શું અને તેનો પાયો ક્યારે નંખાય? બીજા પ્રશ્નનો જવાબ પહેલાં લઈએ. જન્મતા વેંત જ સંબંધોનો પાયો નંખાઈ જાય. જન્મતાજ મા-બાપ, ભાઈ, બહેન, મામા-મામી, ફૈ-ફુઆ, કાકા-કાકી વ.વ. ઉપરાંત દુન્યવી સંબંધો પણ ખરા. અને ખૂબી એ કે જન્મનારને તો તેની ખબર જ ન હોય.... ભલે શરૂઆતમાં ખબર ન હોય પણ સંબંધોની જરૂરિયાતો પછીથી વિકસતી જાય. ક્યારેક ગમે ક્યારેક ન ગમે. પણ સંબંધ વગર ચાલે ખરું?

અલબત્ત જીવનના આગળના તબક્કાઓમાં સંબંધની સાચી ઓળખાણ થતાં મન ક્યારેક ખાટું ય થઈ જાય ત્યારે કવયત્રિ કુમુદ પટવાની આ પંક્તિઓનો સાથ મળી રહે:

**આંસુઓના પડે પ્રતિબિંબ એવા દર્પણ ક્યાં છે?**
**કહ્યા વિના એ સઘળું સમજે એવા સગપણ ક્યાં છે?**

સમાજમાં પ્રવત્તથી દંભી ચાલને તો સમજી. પણ એવું થવાનું કારણ શું? કારણ માણસનો સ્વભાવ અને પરિસ્થિતિની ભીષણ નાગચૂડ. માણસ બદલાતો રહે છે. તેનો સ્વભાવ બદલાતો રહે છે. તે એક સરીખો ક્યારેય નથી હોતો એ પણ એટલું જ સાચું. વાત રહી પરિસ્થિતિની ભીષણ નાગચૂડની. તંત્રી લેખમાં ગયા જમાનાના સંબંધોની સુવાસ બાબતે જે ઉલ્લેખ છે તેનો અનુભવ આજની પેઢીને નથી તેવી આજની વિષમ પરિસ્થિતિ છે. માણસ માત્ર આદર્શોને સહારે ન જીવી શકે. તેને પ્રેકટિક્લ પણ બનવું પડે છે. આજના ભયંકર સ્પર્ધાત્મક યુગમાં માણસે માત્ર દોડવાનું જ છે. પડતાં આખડતાં ય દોડવાનું છે. ક્યાં પહોંચવું છે તેનુંય ધ્યાન નથી. દોડયા વગર ચાલવાનું નથી એ ઝનુન મગજમાં સવાર થઈ ગયું છે. એટલે પણ સંબંધો વણસવાનું કારણ હોઈ શકે. બાકી માણસને માણસ વગર ચાલે જ નહીં. માણસને જીવન જીવવામાં સધીયારો જોઈએ ને તે સધીયારો માત્ર ને માત્ર સંબંધમાં જ મળવાનો.

માનશો તમે.. સંબંધોને સુખનો પર્યાય ગણવામાં આવે છે. માણસને બધા વગર ચાલે પણ માણસ વગર ચાલતું નથી. આપણને સૌને જીવનમાં કોઈક ને કોઈક જોઈતું હોય છે. તમારે વાત કરવી છે-કોની સાથે કરશો? વાત કરવા માટે કોઈક જોઈશે ને? વ્યક્ત થવું છે-સારું નરસું ક્યાંક કહેવું છે - ત્યારે - કોઈક તો જોઈશેને? અને હળવા થવા માટે, ગમા અણગમાય મનમાંથી બહાર નીકળવા માગે છે ત્યારે અને પ્રેમ કે ગુસ્સોસ ય રાહ જુએ છે કે ક્યારે બહાર નીકળીએ. તો ત્યારે અધ્ધર હવામાં શબ્દોનો પડઘો નહીં પાડીએને? કાંઈક તો જોશો ને જે આપણી લાગણીને ઝીલે? એટલે આ બધી જ વખતે સંબંધ જ કામ આવશે. સામે વ્યક્તિ ગમે તે અને ગમે તેવી હોય તેનો વિચાર ત્યારે નહીં આવે એ પણ માર્ક કરજો. આ સંબંધોની જરૂરિયાત અને તેના સારા પાસા બાબતે વાત થઈ ત્યારે જાણીતા - માનીતા સૌરભ શાહ શું કહે છે તે પર ધ્યાન કેન્દ્રીંત કરીએ. તેઓ કહે છે ‘પાંચ પંદર પચીસ કે પાંત્રીસ વર્ષ અગાઉ બંધાયેલા બધાજ સંબંધોનો બોજ ખભા ઉપર ઊંચકીને ફર્યા કરવાનું ન હોય.’ દરેક સંબંધની જાળવણી માટે તમારી જીંદગીના એક હિસ્સાની ચુકવણી કરવી પડતી હોય છે. તમારા સમય, તમારી ભૌતિક સગવડ અગવડ તથા તમારા સંવેદન તંત્રની ઉર્ઝા - આ ત્રણે મળીને તમે જેની ચુકવણી કરો છો તે હિસ્સો બને છે. માત્ર નિભાવવા ખાતર નિભવાવામાં આવતા અનેક સંબંધોને કારણે ખર્ચાઈ જવા નું હોય છે. સગાં,સંબંધીઓ, મિત્રો, ઓફિસના

સાથીઓ, ઔપચારિક ઓળખાણો, જ્ઞાતિબંધુઓ, પાડોશીઓ અને તેમના અન્ય ઓળખીતાઓ... કેટલા સંબંધો સાચવ્યા કરીશું જીંદગીમાં ? અને શામાટે ?'

આમ જોઈએ કે વિચારીએ તો કહેવું પડે કે સંબંધોની જરૂરત છે તેમજ સાચવવા જોઈએ એ રીતે વિચારવું એકંદરે ઉત્તમ છે પણ સાથે જ એ પણ વિચારવું ઘટે તે સંબંધોની એક્સ્પાયરી ડેઈટ પણ આપણે જ નક્કી કરવાની છે. જીવાતી જીંદગીમાં આ લખ્યું તેટલું સહેલું નથી. પણ જીવન ખરેખર જીવવું જ હોય (અને માત્ર શ્વાસ ચાલે છે એટલે જીવે જઈએ છીએ તેમાંથી બહાર નીકળવું હોય) તો એક જ સત્યને નહીં પણ જ્યાં સત્ય હોય તે સ્વીકારી લેવું.

આમ વિચારતા દ્વિધામાં પડી જવાય શું સ્વીકારવું- શું નહીં? સંબંધને સાચવી રાખવો - નિભાવવો એ મથામણમાં ક્યાં સંબંધ સાથે નાતો તોડી નાખવો ? આ કરું કે પેલું ? આ સારું કે ખરાબ ? દ્વિધા એ જ જીવન છે. તેનો અંત જ નથી આપણે માત્ર સંબંધ અને તેને અનુલક્ષી જીવાતા જીવનની વાત જ કરવા માગીએ છીએ.

થોડાં લાગણીશીલ બનીએ જે જીવનમાં અનિવાર્ય રીતે વણાયેલી છે. તે અંગે વિચારીએ તો માનો કે ગળે ડૂમો ભરાયો છે તો એ ઓગળશે જો કોઈનો હુંફાળો હાથ વાસા પર ફરતો હશે. રસ્તે જતાં અકસ્માતે ગબડી પડયા તો કોઈ હાથ જોઈશે જે ગબડી પડતાં રોકે ને આવી પડનારી દુર્ઘટનાથી બચાવી લે. ટુંકમાં જીવનમાં કોઈ ની હુંફ, સાથ સહકાર, પ્રેમભાવના ખુબ ખુબ જરૂર છે. એકથી કોઈ માત્ર પોતાનાથી બધું બનવાનું નથી. અલબત, જીદગીમાં અમુક સંબંધ અલ્પજીવી પણ હોઈ શકે એમ વિચારો તો લાઈફ ટાઈમ જેવુ તો જીંદગીમાં ક્યાં કશુ હોય છે ? આ બધા વચ્ચે માત્રને માત્ર વિચાર તો સતત એ જ શિર પર સવાર હોય છે. કે જીવનને બહેતરીન રીતે કેમ જીવવું ? પણ અફસોસ... કે અત્યારના સંજોગોમાં જીવન પર જ બુલડોઝર ફરી વળ્યું છે ને કેરીયર કેમ બહેતરીન કરવી એ જ માત્ર ધ્યેય જીવનનું લક્ષ બની ચૂક્યું છે. એટલે ગઈ કાલ સંવેદનશીલ હતી કારણકે જીવનમાં લક્ષ સ્થાયી રૂપે એ હતું કે મારા સાથે અન્યનું ભલું કરવું ત્યારે વધુ ઓપશન્શ પણ ક્યાંય દ્રષ્ટિમાં ન હતા. આજની પરિસ્થિતિ વિપરીત છે. માણસનું જીવન તરફનું - જીવવા તરફનું લક્ષ જ બદલાઈ ચુક્યું છે. જે છે તે આ છે. ગમે કે ના ગમે તે સ્વીકાર્યે જ છુટકો. તને મારી ફિકર ક્યાં છે ? મને તારી ફિકર ક્યાં છે. ? આટલી હદે જીવનની રફતાર દિશાહીન બનતી જતી અનુભવી રહ્યાં છીએ. તે પરિસ્થિતિ અણગમતી હોવા છતાં તે જ હવે તો રહેવાની અને એ વિસમતા કોઠે પડી ગઈ છે. વયસ્કોએ જે ગઈકાલ વિતાવી છે તેની યાદ તેમને વારંવાર આવે છે. નવા જનરેશનની આજનો સૂરજ સંવેદનશીલતાથી નહીં. પણ તેમની જરૂરિયાત પ્રમાણે ઊગે છે. સ્વકેન્દ્રી તેમનો સ્વભાવ બનતો જાય છે. બીજાનો વિચાર કરીને નહીં પણ બીજાને પાડીને/હટાવીને તેઓ આગળ વધતા મળે છે. જીવનક્ષેત્રના ચોઈસ નક્કી થઈ ગયા છે. નવો પીંડ બંધાઈ ચૂક્યો છે. તેમની ડાઈમાં કોઈ ફેરફાર શક્ય નથી. (અત્યારે આમ લાગે છે.)

સંબંધોને માત્ર લાગણીના ત્રાજવે તોળવાનું શક્ય નથી. સંજોગ પ્રમાણે જરૂરી પણ નથી. સંબંધોના વ્યહારિક રૂપો પણ સામે જ છે છટકી શકાય તેમ નથી. એ માટે કોઈ એક કારણ નથી ઘણા છે. દોષ કોઈનો નથી. ગણતરીમાં ભૂલ હોઈ શકે. વયસ્કોના વિચારો પ્રમાણે યુવાવર્ગ, વર્તમાનમાં આધિપત્ય ધરાવે છે. ત્યારે જીવનના મૂલ્યોમાં પણ યુવાવર્ગની વિચાર સરણીનો હાથ ઉપર રહેવાનો. વખતો વખત લેખાં જોખાં થતાં રહેવાના. યોગ્ય કે અયોગ્યનો પ્રયાસ નીકળતો રહેશે. સંબંધોને મૂલવવામાં તટસ્થતા અનિવાર્ય છે. એ ગઈકાલની હોય કે આજની.

**'આમ ક્યાં પીડા બીજાની કોઈને સમજાય છે**
**હોય હૈયે લાગણી તો વેદના સમજાય છે.'**

# માઈનસ અને પ્લસ

આપણા પોતાના માઈનસ પોઈન્ટની ખબર હોય એ આપણો પ્લસ પોઈન્ટ છે.

**અવાજ અને મોન**

પુરૂષનો ઊંચો અવાજ સ્ત્રીને ચૂપ કરાવી દે છે, પણ સ્ત્રીનું મૌન પુરૂષના પાયા જ હલાવી નાખે છે.

**ડોક્ટર અને માણસ**

કેવો ગજબનો શબ્દ છે સોરી જ્યારે માણસ બોલે તો ઝઘડો પૂરો અને જો ડોક્ટર બોલે તે માણસ પૂરો

**યાદ અને ભૂલી**

મદદ એક એવી ઘટના છે, કરો તો લોકો ભૂલી જાય છે, ના કરો તો લોકો યાદ રાખે છે.

**આપણા અને તાપણા**

આપણા અને તાપણા ની એક ખાસિયત છે, બહુ નજીક ના રહેવું અને બહુ દૂર પણ ના રહેવું.

**શરૂઆત અને અંત**

જીવનની શરૂઆત પોતાના રડવાથી થાય છે, અને જીવનનો અંત બીજાના રડવાથી થાય છે.

**ક્રોધ અને લોભ**

ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે., અને ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે.

**મગજ અને હ્રદય**

મગજ ભલે હ્રદયથી બે વેંત ઉંચે હોય, પણ હ્રદય થી બનતા સંબંધો, બધાથી ઊંચા હોય છે.

અજ્ઞાત (પ્રાપ્તિ સ્થાન : વોટ્સએપ)

# ભાવભરી શ્રધ્ધાંજલી



જન્મ :
૦૧/૦૯/૧૯૩૯

સ્વર્ગવાસ :
૨૩/૦૭/૨૦૧૮

## સ્વ. પ્રફુલ્લા પ્રીતમલાલ મહેતા

મૂળવતન : જુનાગઢ, હાલ : થાણા

સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં
જીવન તમે એવુ જીવ્યા, ભુલ્યુ ભુલાય નહીં
ધુપસળી જેવુ જીવન જીવી ગયા,
સુગંધ જેની ચૌ તરફ મુકતા ગયા
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને
શાંતિ આપે એવી અમારી અંતકરણ પૂર્વકની પ્રાર્થના

લી.

**પ્રીતમલાલ દલીચંદ મહેતા**

| | | |
|---|---|---|
| **પુત્ર–પુત્રવધુ** | : | **વિવેક–મેઘા,** |
| **પૌત્ર–પૌત્રી** | : | **અંશ , રુહ** |
| **પુત્રી–જમાઈ** | : | **જયશ્રી–ભરતકુમાર,** |
| **દોહિત્ર** | : | **સિધ્ધાર્થ** |
| **પુત્રી–જમાઈ** | : | **રાજશ્રી – વિપુલ** |
| **દોહીત્ર–દોહીત્રી** | : | **નિરવ, પ્રિયા** |

Kayami - July

# શ્રધ્ધાંજલી



જન્મ :

૦૧-૦૨-૧૯૪૨

સ્વર્ગવાસ :

૦૩-૦૭-૨૦૧૩

## સ્વ. શ્રી હસમુખભાઈ ભાણજીભાઈ મહેતા

સમાજનું એવું આગવું વ્યક્તિત્વ નહીં. હોદ્દો કે પદવી વગરનું અસ્તિત્વ ને છતાંય પરભવ સુધારી લેનારનાં ગુણોની પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. પ્રકાશમાં આવ્યા વગર પરમાર્થ પરાયણ જીવન જીવી લેવાની હામ અને સૂઝ તેમનામાં હતી, કુટુંબની દરેક વ્યક્તિ પરત્વેની ફરજ બજાવવામાં પાછી પાની કરી નથી. સરળતા ને સભ્યતાના આગ્રહી એવા, તેમણે પોતાના બન્ને સંતાનો શ્રી કેતનભાઈ અને શ્રી નિતીનભાઈ માં સુસંસ્કારોનું બીજધાન કર્યું. પત્ની ભાવનાબેનનાં સંપૂર્ણ સહકારથી સફળતા પ્રાપ્ત કરી શક્યા. કર્મના ઉદયોને ઉડાડી દેવાની તાકાત અજબ ગજબની. પુત્રવધુઓ ફાલ્ગુની અને શીલાનું વૈયાવચ્ચ દાદ માગી જાય તેવું. સાસુ તેમ જ વહુઓનું વૈયાવચ્ચ સેવા અને કર્તવ્ય પરાયણતા જોનાર આશ્ચર્યમાં પડી જાય.

પત્ની ભાવનાબેનનું જિનાજ્ઞાથી રંગાયેલું જીવન, વ્રતોનું ઉચિત પાલન, આચાર ચુસ્તતા, ઉપાડેલ કદમમાં ક્યારેય પીછે હઠ નહીં, સમતા અને ધૈર્યથી કાર્ય પાર પાડનાર, દાદીમાની નિશ્રામાં રહેનાર પૌત્ર - પૌત્રી... મિહિર,રુચિત,દેવાંશીને કળિયુગમાં સુખની ચાવી સોંપનાર ભાવનાબેન નવી પેઢીને સમર્થ ઉદાહરણ પૂરું પાડે છે.

ધર્મની સાચી વ્યાખ્યા **'અપરોપતાપ'** બીજાને કષ્ટ આપવું નહીં જેનો બીજમંત્ર રહ્યો છે એવા આ ગુણોની અનુમોદના કરી વિરમીએ...

A/502, Labh Ashish, Old Police Lane, Near Agarkar Chowk,
Andheri (East), Mumbai - 400069

Kayami - July

# શું નથી જોઈતું એટલું નક્કી થઈ જાય તો પણ જીવન સરળ થઈ જાય

## ન જોઈએ

**હકથી વધારે લેશ અમારે ન જોઈએ**
**હક થાય છે તે આપો,**
**વધારે ન જોઈએ**
**મઝધારમાં થયું તે થયું વાત વહી ગઈ,**
**તૂફાનનો અજંપો કિનારે ન જોઈએ**
**હૈયામાં એનો પડઘો પડે તો જ મૂલ્ય છે,**
**અલ્લહાનો અવાજ મિનારે ન જોઈએ**
**સહેલાઈથી જે પાળી શકો એ જ ધર્મ છે,**
**નિયમ કોઈ તલવાર ની ધારે ન જોઈએ.**
**આઝાદ જીંદગીની મજા ઓર છે એ દોસ્ત,**
**આ જિંદગી પરાયે સહારે ન જોઈએ**
**- કુતુબ આઝાદ**

કુતુબ આઝાદ મરીઝના સમયગાળાના ગઝલકાર છે. ધર્મની બાબતમાં પ્રગતીશીલ વિચારો ધરાવતા આ શાયરનું નામ એટલું જાણીતું ન પણ લાગે. ગુજરાતી ગઝલના ગગનમાં એવા અનેક તેજસ્વી તારાઓ રહેલા છે જેમની નોંધ ન લેવાઈ હોય કે ઓછી લેવાઈ હોય. આ ક્ષણે યાદ આવી રહ્યો છે મરીઝનો શેર.

**ગગનમાં આ જગા ખાલી નથી 'એમાં' લપાયા છે,**
**ચમકવાની રજા મળતી નથી એ આફતાબોને**

આકાશમાં બે સિતારોઓ વચ્ચે ઘણી જગ્યા દેખાતી હોય છે. ખરેખર તો પ્રત્યેક સિતારા પૃથ્વીથી અનેક પ્રકાશ વર્ષ દૂર રહેલા છે અને આકાશમાં પણ પ્રત્યેક સિતારાઓ એકબીજાથી અનેક ગણા દૂર છે. તેજસ્વી તારાઓની આસપાસ ઘણાં નાના તારાઓ ઝાંખા લાગતા હોય છે. ક્યારેક તો એ ઝાંખા તારાઓની ઝાંખપની પણ નોંધ લેવાય એવું બને છે. ક્યારેક તોએ તારા એટલા નાના છે કે નરી આંખે દેખાતા પણ ન હોય. પણ... મરીઝના ઉપરના શેરમાં કહ્યું છે તેમ આકાશમાં આ જે ખાલી જગ્યા છે એ ખાલી જગ્યામાં તો અસંખ્ય સૂરજ છુપાયેલા છે. કમનસીબ સૂરજ એવા છે જેમને નસીબે,પરિસ્થિતિએ સંજોગોએ, પોતાની આળસે અને પ્રમાદે પોતાની દુર્દશાએ પોતાની અગવડોએ...નામ ગમે તે આપો પણ તેમને ચમકવાની તક નથી આપી તેમને ચમકવાની તક નથી મળી, કાં તો ચમકી શકે તેવું વાતાવરણ નથી મળ્યું.

ગુજરાતી ગઝલના ગગનમાં પણ આવા અનેક તારાઓ છે જેમને ચમકવાની તક નથી મળી કે પછી પરિસ્થિતિએ ચમકવાની છૂટ નથી આપી કે પછી સર્જકતા ઓસરી ગઈ છે કે પછી કોઈને કોઈ કારણસર વિકસી શકાય તેવું વાતાવરણ નથી મળ્યું. એક છોડને પૂરતો તડકો મળે, પૂરતુ પાણી મળે, સારી જમીન મળે અને એ ખૂબ સુંદર રીતે વિકસી શકે. સામે પક્ષે કોઈ છોડને પાણી અને છાંયડા માટે ઝઝૂમીને જીવન ટૂંકાવું પડે અને એમાંય પરિસ્થિતિ બકરીઓ પાંદડા ચાવી જાય છે એવું ય બને. સામે પક્ષે એવાય છોડ હોય છે જે ભોંય ધાવીને ઉછરેલા હોય છે. ટાઢ તડકા વેઠીને વિકસેલા હોય છે અને પોતાની આગવી ઓળખ ઉભી કરી શક્યા હોય છે. ગુજરાતી ગઝલની જમીનમાં આવું પણ બનેલું છે.

ઘણાં ગઝલકારો એવા પાણીદાર છે કે ખબર જ ન પડે કે એ બધા સતત તરસેલા વ્યક્તિત્વો હશે, તો ઘણાં સિમિત છંદો અને સિમિત ભાવવિશ્વમાં જીવનભર ગઝલો લખતા રહ્યા છે. નવી તેમની ગઝલોની નોંધ લેવાઈ નથી.તેમના જીવનની નોંધ લેવાઈ નથી તે લોકોએ પણ જીવનભર ગઝલો લખી છે છતાં એક ગઝલ શું, એક પંક્તિ પણ અમર કે યાદગાર આપી નથી. ગઝલનું પાણી જ કંઈક જુદું છે.

કુતુબ આઝાદની આ ગઝલ સરળ ભાષામાં શું શું નથી જોઈતું તેની સીધી અને સોંસરી વાત કરે છે. આમ તો આપણે બધાને શું શું જોઈએ છીએ તેનું લીસ્ટ ઘણું લાંબુ હોય છે અને સામાન્ય રીતે શું શું જોઈએ છીએ તેની જ આપણે ચર્ચા કરતા હોઈએ છીએ પણ જીવનમાં શું શું નથી જોઈતું એનું લીસ્ટ પણ જો બનાવ્યું હોય તો કદાચ વધારે સરળ અને સાચું જીવન જીવાય. અને એટલે જ કહે છે કે અમારે હકથી વધારે લેશ માત્ર નથી જોઈતું જેટલો હક થાય છે એટલું તો આપો આ વાત ત્યારે જ કહેવી પડે જ્યારે હકનું ય ન મળતું હોય. જ્યારે હકનું ય છીનવાઈ જતું હોય. અમૃત ઘાયલની પંક્તિઓ યાદ આવે છે.

**"થોડો ઝાઝો હિસાબ તો આપો!**
**ખોટો સાચો જવાબ તો આપો!**
**બાગમાં ભાગ છે અમારો પણ,**
**એક વાસી ગુલાબ તો આપો"**

હકનું મેળવવા માટે પણ કેટલું ઝઝૂમવું પડે છે પરિસ્થિતિ જાણે દિન-પ્રતિદિન એવી બગડતી જાય છે કે દરેક પેઢીએ હકનું લેવા માટે પણ તમારે લડત આપવી

પડે. માણસનું મન એવું છે કે ઓછાથી ધરાતું જ નથી હજુ વધુ હજુ વધુ સતત ઈચ્છા થતી રહી ત્યારે ખપ પૂરતી હકની માંગણી સરળ શબ્દોમાં પણ નીતરતી વેદના સાથે રજૂ તાય છે.

દરિયાની મઝધારામાં ખૂબ તોફાનો થયા. ખૂબ સહન કરવું પડયું, કંઈક દિવસો ભૂખ્યા અને તરસ્યા વિતાવ્યા અને માંડ કિનારે પહોંચ્યા. પણ જીંદગીભર એ દુઃખોને ગાયા નથી કરવાના, કિનારે પહોંચ્યા પછી કિનારે પહોંચ્યાનો આનંદ ના પ્રગટે એવું મન શું કામનું? કિનારે પહોંચ્યા પછી ઈશ્વરનો આભાર માનવાનું મન ન થાય એ કેવું મન? ઘણાં દુઃખ વેઠીને જીવનમાં આગળ આવ્યા. કારમી ગરીબી ભોગવીને શ્રીમંત થયા આવી વાતો ગણા મૃત્યુ સુધી કરતા રહે છે. જાણે પોતાના દુઃખોને ખોતરી ખોતરીને જીવવાનની આદત પડી ગઈ હોય છે. સુખમાં પણ દુઃખને યાદ કરીને જીંદગીની મજા માણી નથી શકતા. આપણા ઘણા દુઃખોને આપણે વળગીને આપણા ઘરમાં મહેમાન તરીકે રાખ્યા હોય છે.

રામ નામની ચાદરો ઓઢીને અને મનમાં કપટ પ્રપંચ હોય તો એ સાચો ધર્મ નથી. ઊંચા મિનાર ઉપર જઈને ઈશ્વરને પોકારીને એના કરતા હ્રદયથી પોકારીને એ જરૂરી છે. ધર્મ હ્રદયથી પાળવો જોઈ ને ધાક ધમકીથી પળાવવામાં આવે તો એ ધર્મ નથી. ગુલામીના પકવાન કરતા સ્વતંત્રતાનો સૂકો રોટલો વધારે સ્વાદિષ્ટ હોય છે. જીંદગી પરકા સહારે જીવવા કરતા પોતે પગભર બનીને જીવીએ તો એની મજા કંઈ ઓર હોય છે. દાઉદી વ્હોરા કોમે મરીઝ, શેકાદમ, સૈફ, કાબિલ ડેડાવણી, નઝીર બાતરી (મરીઝના ભાણેજ) અકબર અલી જસદણવાળા, કાયમ હઝારી, એસ. એસ.રાહી ગુલામ અબ્બાસ નાશાદ જેવા શાયરો આપ્યા છે.

### સ્વરોજગાર યોજના - આર્થિક સહાય

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ દ્વારા સ્વરોજગાર યોજના હેઠળ આર્થિક જરૂરિયાતમંદ લોકોને પોતાનો સ્વતંત્ર ધંધો કરવા માટે રૂા. ૨૫૦૦૦/- સુધીની વ્યાજ મુકત લોન આપવામાં આવશે.

લોન મેળવવા ઈચ્છુક વ્યક્તિઓએ સમાજની ઓફિસમાં થી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગત ભરીને જરૂરી ડોકયુમેન્ટ સાથે સમાજની ઓફિસમાં જમા કરાવી દેવા. સમાજના ધારધોરણ પ્રમાણે લોન મંજૂર કરવામાં આવશે.

## અવસાન નોંધ :

સોરઠ વિશા શ્રીમાળી જૈન મરણ

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ.રમેશભાઈ રતિલાલ શાહના પત્ની મધુબેન (ઉ.વ.૮૦) તે મમતા દેવાંગકુમાર પરીખ, બીના જયેશકુમાર શાહ તથા શૈલેષ ના માતા, તે શીતલના સાસુ, પરમ ના દાદી સ્નેહા, ઉક્ષતિ, ધરણ,રીષિના નાની, તે સ્વ.રતિલાલ મંગળજી શાહના પુત્રવધુ તથા પિયર પક્ષે સ્વ.શાંતિલાલ ઠાકરશી શેઠ ના પુત્રી શનિવાર તા.૦૮-૦૭-૨૦૨૩ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

સુલતાનપુરા નિવાસી હાલ ગોંડલ સ્વ. નાથાલાલ વનમાળીદાસ કોરડીયાના પૌત્ર તથા સ્વ.પ્રવિણચંદ્ર નાથાલાલ કોરડીયાના પુત્ર સ્વ.અભય પ્રવિણચંદ્ર કોરડીયા (ઉ.વ.૩૮), તે અમીબેન ના પતિ, મલય ના પિતાશ્રી, તે સોહિલ હિનાબેન તુષારકુમાર દોશી અને કિંજલબેન વિશાલકુમાર મહેતાના ભાઈ તથા સમીરભાઈ રસિકભાઈ પારેખના જમાઈ નું તા.૨૬-૨૬-૨૦૨૩ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

મૂળ વંથલી સોરઠ હાલ જૂનાગઢ નિવાસી જયેન્દ્રકુમાર મણીલાલ વોરા ના ધર્મપત્ની ભાનુબેન (ઉ.વ.૭૬) તે ધોરાજી વાળા મહેતા શાંતિલાલ કપૂરચંદ ના દિકરી તે સ્વ. નગીનભાઈ, ભરતભાઈ અને રંજનબેન ના ભાભી તે પ્રફુલભાઈ, સ્વ. હંસાબેન, કુસુમબેન, પોમીબેન, જીતુભાઈ, ભાવનાબેન અને ભક્તિબેનના મોટા બેન તે આશાબેન,ધર્મેશભાઈ, ચાંદનીબેન અને મિતેષભાઈના માતુશ્રી તે મિતેષકુમાર, મયુરકુમાર, ભાવનાબેન અને પલ્લવીબેન ના સાસુ તે હર્ષિત, પલક, અંશ, આષી, આશ્મિત ના નાનીમા, તે નિશી, દિશી અને હિયાના દાદીમા નું જેઠ વદ ચૌદસ તા.૧૭-૬-૨૦૨૩ના રોજ અરિહંતશરણ પામેલ છે.

# સ્મરણાંજલી



જન્મ :
૧૮-૦૨-૧૯૭૨

અરિહંત શરણ :
૦૪-૦૬-૨૦૨૩

## સ્વ. સોનલ નિલેશ કોરડીયા

મુળવતન : જુનાગઢ - ખારચીયા (વાંકુના)
હાલ : મુંબઈ, બોરીવલી (વેસ્ટ),

ધર્મ કદી ચુક્યા નહીં, વ્યવહાર કદી ભૂલ્યા નહીં, જીંદગી હતી ટુંકી અને માયા મોટી લગાડી ગયા,
કોઈના સુખે સુખી અને કોઈના દુ:ખે દુ:ખી, સુખને છલકાવ્યુ નહીં, દુ:ખને દેખાડયું નહીં,
જીવન તમે એવું જીવ્યા,ભૂલ્યુ ભુલાય નહીં,
અણધાર્યા છોડી ગયા જીવન છતા જીવિત હોવાનો ભાસ છે,
દર્શન નથી તમારા દેહના પણ હ્રદયમાં તમારો વાસ છે,
દ્રષ્ટિ માં હજુએ રમે છે તમારો હસ્તો ચહેરો, જોઈને તસ્વીર તમારી આંસુ ઉભરાય છે,
આપનો મિલનસાર અને પરોપકારી સ્વભાવ, ઉદારતા, કાર્યકુશળતા, કુટુંબ પ્રેમ સદા અમારા હ્રદયમાં રહેશે.
છાના ખૂણે રડી લઈશું જ્યારે આવશે યાદ.
ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી ઓચિંતી વિદાય.

પરમાત્મા આપના પ્રેમાળ આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**પ્રેમાળ પરિવાર**

**સ્વ.જસુમતીબેન ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડીયા**

| પતિ : નિલેશ ઝવેરીલાલ કોરડીયા | | પુત્ર : તારણ નિલેશ કોરડીયા |
|---|---|---|
| યોગેશ - મીના | કમલેશ - પૂજા | પ્રીતી - નિતીન |
| અભય | કૃણાલ, કેલી | આશ્વી, કેવિન |

-: પિયર પરિવાર - લલિતાબેન જેઠાલાલ શાહ પરિવાર (પાટણ) : ---

**Address. : A-1304, Rite Galaxy (Sai Darshan) Sodawala Lane,
Borivali (West), Mumbai-400092
Mob. : 98213 66680**

yojana - 05/BW-01/05/June

# બોમ્બે સ્ટોક એક્સચેન્જ નો ઈતિહાસ હેપી બર્થ ડે
# BSE

૧૪૬ વર્ષ પહેલા ૦૯-૦૭-૧૮૭૫ આજના દિવસે પાંચ ગુજરાતીઓએ વડના ઝાડ નીચે બોમ્બે સ્ટોક એક્સચેન્જની શરૂઆત કરી હતી.

પાંચ ગુજરાતીઓએ ચર્ચગેટ નજીક વડના ઝાડ હેઠળ શરૂ કરેલ સંસ્થા આજે ભારતીય અર્થતંત્રનો ધબકાર મનાય છે. આજે રૂા.૨૩૧.૦૬ લાખ કરોડનું માર્કેટ કેપ ધરાવતા બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં આરંભે સભ્ય ફી ફક્ત ૧/- રૂા. હતી BSEના સ્થાપક શ્રી પ્રેમચંદ રાયચંદ બ્રિટનની કોટન મિલની કુલ જરૂરિયાતનું ૬૫% રૂ સપ્લાય કરતા હતા. રિઝર્વ બેન્કને જો ભારતીય અર્થતંત્રનું હ્રદય ગણવામાં આવે તો હ્રદય સુધી લોહી પહોંચાડનાર તંત્ર એટલે બોમ્બે સ્ટોક એક્સચેન્જ. એવું કહેવાય છે કે બોમ્બે સ્ટોક એક્સચેન્જને શરદી થાય તો સમગ્ર દેશને તાવ આવી જાય. દેશની આર્થિક ગતિવિધિના કેન્દ્ર સ્થાને રહેલું આ શેરબજાર આજે ૧૪૬ વર્ષનું થઈ રહ્યું છે. આજે સ્ટોક એક્સચેન્જની ઈમારત સમગ્ર મુંબઈનું પ્રતીક ગણાય છે પરંતુ ૧૪૬ વર્ષ પહેલાં તેની શરૂઆત એ જ જગ્યાએ એક વડના ઝાડ હેઠળ થઈ હતી અને તેની સ્થાપનામાં મોખરાની ભૂમિકા ભજવનાર પાંચે પાંચ લોકો ગુજરાતી હતા. ભારત જેવા વિશાળ દેશની અર્થવ્યવસ્થાના આધાર રૂપ ગણાતી આ સંસ્થા અને તેના સ્થાપકોની કહાની કોઈ ફિલ્મ કે નવલકથાને ય ટક્કર મારે એટલી રોચક છે.

૧/- રૂા. ની સભ્ય ફી થી ૨૩૧.૦૬ લાખ કરોડ રૂપિયાના માર્કેટ કેપ સુધીની રોચક કહાની

◆ મુંબઈનો ઈતિહાસ જેમના ઉલ્લેખ વગર અધૂરો કહેવાય એવા ગુજરાતી માલેતુજાર શ્રી પ્રેમચંદ રાયચંદ ઓગણીસમી સદીના અગ્રણી બિઝનેસમેન હતા. મૂળ સુરતના જૈન પરિવારના પ્રેમચંદ એ જમાનામાં મુંબઈના એક માત્ર એવા વેપારી હતા જે અંગ્રેજોની સાથે ધાણી ફૂટ અંગ્રેજીમાં, ફ્રેન્ચ વેપારીઓ સાથે ફ્રેન્ચમાં, પોર્ટુગિઝ સાથે સ્પેનિશ ભાષામાં વાત કરી શકતા હતા.

◆ એવું કહેવાય છે કે એ જમાનામાં સમગ્ર ગુજરાતમાં કપાસના વાવેતર થાય અને પાકેલો સઘળો માલ મુંબઈની દિશા પકડે ત્યારે તેનો એકમાત્ર ખરીદાર હોય શ્રી પ્રેમચંદ રાયચંદ! દેશભરમાં થતાં કપાસના કુલ ઉત્પાદનનો અડધો અડધ હિસ્સો ખરીદી લેતાં શ્રી પ્રેમચંદ રાયચંદ કોટન કિંગ કહેવાતા

◆ ઈંગલેન્ડનું માન્ચેસ્ટર શહેર કોટન મિલનું મુખ્ય કેન્દ્ર ગણાતું હતું. ઓગણીસમી સદીમાં માન્ચેસ્ટરમાં ૧૮૦ જેટલી કોટન મિલ ધમધમતી હતી અને તેમાંની મોટાભાગની મિલને રૂ નો સપ્લાય કરનાર શ્રી પ્રેમચંદ રાયચંદ હતા.

◆ રૂ ના આંતરરાષ્ટ્રીય ખેલાડી તરીકે શ્રી પ્રેમચંદ રાયચંદે જ મુબઈમાં રૂ ના સટ્ટાની શરૂઆત કરી હતી. જેમાં શ્રી દ્વારકાદાસ ગોકળદાસ, શ્રી મથુરદાસ હરજીવન નામના કપોળ વણિક જ્ઞાતિના બે શેઠિયા પણ શ્રી પ્રેમચંદના રાયચંદ ના ભાગીદાર હતા. આ ભાગીદારોએ રૂ ઉપરાંત કોમોડિટી ઉત્પાદનોના સટ્ટાની શરૂઆત કરી. શરૂઆતમાં શ્રી પ્રેમચંદ રાયચંદ ના ભાયખલ્લા સ્થિત બંગલાના કમ્પાઉન્ડમાં સટ્ટો રમાતો પરંતુ સંખ્યા ધીમે ધીમે વધવા લાગી આથી તેમણે સ્થળ બદલ્યું.

◆ ચર્ચગેટ નજીક હોર્નિમાન સર્કલ પાસે એ જમાનામાં ટાઉનહોલ હતો. આજે એ સ્થળે મોટું ઉદ્યાન બની ગયું છે. ત્યાં એક વડના ઝાડ હેઠળ શ્રી પ્રેમચંદ, શ્રી દ્વારકાદાસ, શ્રી મથુરદાસ, શ્રી ધનશ્યામદાસ ખટાઉ અને શ્રી દિનશા પીટીટ નામના પારસી મિલ માલિક, એમ પાંચ અગ્રણી વેપારીઓના માર્ગદર્શન હેઠળ સટ્ટાની પધ્ધતિસરની શરૂઆત થઈ. બ્રિટિશ પધ્ધતિ મુજબની શિસ્ત લાવવાના હેતુથી તેમાં નિયમો ઘડાયા. સટ્ટામાં ભાગ લેવા માટે સભ્ય ફી તરીકે ૧/- રૂા નક્કી થયો અને સંગઠનને નામ અપાયું નેટિવ શેર એન્ડ સ્ટોક બ્રોકર્સ એસોસિએશન. એ જ સંસ્થા એટલે આજનું બોમ્બે સ્ટોક એક્સચેન્જ.

◆ શરૂઆતમાં આ એક્સચેન્જમાં કુલ ૨૫ વેપારીઓ જોડાયા હતા, જેમાં ૧૮ ગુજરાતી, ૪ મારવાડી અને ૨ દક્ષિણ ભારતીય અને ૧ પંજાબી હતા. પ્રથમ મહિને જ સંખ્યા વધીને ૩૧૮ સુધી પહોંચી. વડના ઝાડ હેઠળ ખુલ્લામાં ચટાઈ પાથરીને સટ્ટાના ભાવતાલ થતાં હોવાથી સાધારણ લોકો તેમને ચટાઈયા તરીકે ઓળખતા.


◆ વડના ઝાડ હેઠળ પાંગરેલી સંસ્થા આજે અર્થતંત્રનું વટવૃક્ષ બની.

◆ બોમ્બે સ્ટોક એક્સચેન્જની દરેક વાતોમાં ભવ્યતા રહેલી છે. અહીં થતાં સોદાની રકમ, દેશની ટોચની કંપનીઓની હાજરી, આર્થિક ઉથલ પાથલ સાથે સંકળાયેલા લાખો પરિવારો એ દરેક દ્રષ્ટિ બોમ્બે સ્ટોક એક્સચેન્જ ભારત કે એશિયાના જ નહી, સમગ્ર દુનિયાની નમૂનેદાર આર્થિક સંસ્થા તરીકેનો દરજ્જો ભોગવે છે.

◆ બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં ૪૭૨૯ કંપનીઓ રજીસ્ટર્ડ થયેલી છે. આ સંખ્યાના મામલે તે દુનિયામાં નંબર-૧ છે.

◆ દુનિયાભરના સ્ટોક એક્સચેન્જના નિયંત્રણ માટે વર્લ્ડ ફેડરેશન ઓફ એક્સચેન્જની રચના થયેલી છે, જેનું હેડ ક્વાર્ટર પેરિસમાં છે. આ સંસ્થાના સંચાલન માટે જે મુખ્ય સ્ટોક એક્સચેન્જ પણ મોભાદાર સ્થાન ધરાવે છે.

# શ્રધ્ધાંજલી



## સ્વ. શ્રી મનસુખલાલ મલુકચંદ મહેતા

સ્વર્ગવાસ : ૨૦-૦૭-૨૦૧૨, શુક્રવાર- શ્રાવણ સુદ એકમ

મુળવતન : ધોરાજી

"સૌને છોડી ચાલ્યા ગયા તમો મઝધાર
અમો બની ગયા નિરાધાર
રોમેરોમ શૂન્યવકાશ ફેલાયો, અંતરની વેદનાનો નહીં પાર,
હજુયે આંખનું આકાશ ભીનું, નયનોથી છલકે અશ્રુધાર,
આપના મહેતા પરિવારની પુષ્પાંજલી.
મૃત્યુ પાસે સૌ લાચાર."

**શ્રી મલુકચંદ વિઠ્ઠલજી મહેતા પરિવાર**

**હંસાબેન મનસુખલાલ મહેતા**

**પુત્ર-પુત્રવધુ : ભાવેશ - ભૈરવી, કેતન - નિશા**

**પૌત્ર : પાર્થ**

**પૌત્રી : આયુષી - ઋતિકા - સાક્ષી**

જી-૨, પોરવાલ કોમ્પલેક્ષ, સી વિંગ, ૬૦ ફૂટ રોડ, ભાયંદર (વેસ્ટ), મુંબઈ - ૪૦૧૧૦૧
મોબાઈલ હંસાબેન : ૯૭૬૯૯ ૨૩૨૪૬
ભાવેશ : ૯૮૧૯૧ ૭૬૧૦૦

Kayami - July

# ગામડાની મજા

ગામડામાં વસ્તી નાની હોય ઘરે-ઘરે જ્ઞાની હોય...,
આંગણિયે આવકારો હોય...
મહેમાનોનો મારો હોય...,
ગામમાં ચા પાવાનો ધારો હોય,
વહેવાર એમનો સારો હોય,
રામ-રામનો રણકારો હોય,
જમાડવાનો પડકારો હોય...!
સત્સંગ મંડળી જામી હોય...
બેસો તો ! સવાર સામી હોય...,
જ્ઞાનની વાતો બહુ નામી હોય,
જાણે સ્વર્ગની ખામી હોય...,
વહુને સાસુ ગમતાં હોય...
ભેળાં બેસી..જમતા...હોય..,
બોલવામાં સમતા હોય...
ભૂલ થાય તો નમતાં હોય..!
છોકરાં ખોળામાં રમતાં હોય...
આવી માની મમતા હોય..,
'ગઈઢયા' છોકરાવને સંભાળવતાં હોય...
ચોરે બેસી રમાડતાં હોય !
સાચી દિશાએ વાળતાં હોય...
બાપાના બોલ સૌ પાળતા હોય...,
ભલે ! આંખે ઓછું ભાળતાં હોય...
આવા 'ગઈડાં' ગાડા વાળતાં હોય..,
નીતિ નિયમનાં શુધ્ધ હોય..,
આવા ઘરડાં ઘરમાં વૃધ્ધ હોય..,
માંગે પાણી તો હાજર દૂધ હોય..
માનો તો ભગવાન બુધ્ધ હોય..!
ભજન-કિર્તન થાતા હોય..
પરબે પાણી પાતા હોય...,
મહેનત કરીને ખાતાં હોય...
પાંચમાં પૂછાતાં હોય..! દેવ જેવા દાતા હોય...
પરબે પાણી પાતા હોય..
ભક્તિ રંગમાં રંગાતા હોય...
પ્રભુનાં ગુણ ગાતા હોય..!
ઘી-દૂધ બારે માસ હોય...
મીઠી - મધુર છાસ હોય..., વાણીમાં મીઠાશ હોય...
રમઝટ બોલતા રાસ હોય..!
પુણ્ય તણો પ્રકાશ હોય ત્યાં નક્કી
બ્રહ્માણી ઉમાખોડલ નો વાસ હોય...
કાચા-પાકા મકાન હોય..
એમાંય નાની દુકાન હોય..,
ગ્રાહકોનાં એવાં માન હોય..
જાણે મળયા ભગવાન હોય...!
સંસ્કૃતિની શાન હોય..
ત્યાં સુખી એનાં સંતાન હોય...,
એક ઓશરીએ રૂમ ચાર હોય,
સૌનું ભેગું જમણવાર હોય...,
અતિથીને આવકાર હોય...
ખુલ્લા ઘરનાં દ્વાર હોય..!
કુવા કાંઠે આરો હોય..., નદી કાઠે કિનારો હોય..,
વહુ-દીકરીનો વર્તારો હોય..
ધણી પ્રાણથી પ્યારો હોય !
કાનો ભલે ! કાળો હોય..
એની રાધાને મન રુપાળો હોય..,
વાણી સાથે વર્તન હોય..મોટા સૌના મન હોય...,
હરિયાળાં વન હોય...સુગંધી પવન હોય..!
ગામડું નાનું વતન હોય,
ત્યાં જૌગમાયાનાં જતન હોય..,
માનવી મોતીનાં રતન હોય..
પાપનું ત્યાં પતન હોય...!
શીતળ વાયુ વાતો હોય,
ઝાડવે જઈ અથડાતો હોય..,
મોર તે દી મલકાતો હોય,
ગામડાનો મહિમા ગાતો હોય,
પછી તેની કલમે લખાતો
ભાઈ ભાઈ એક દી આવો મારે ગામ.

# શ્રધ્ધાંજલી



## પૂજ્ય પિતાશ્રી મનસુખલાલ મુલજીભાઈ પારેખ

અરિહંતશરણ : તા. ૧૬-૦૬-૧૯૮૭

પુરુષાર્થ કરીને શૂન્યમાંથી સર્જન કર્યું, કષ્ટ સહન કરીને પરિવાર માટે ફૂલો પાથરી ગયા,

સુખમાં છલકાયાં નહીં, દુ:ખથી ડર્યા નહીં, વ્યવહાર અને ધર્મ કદી ચૂક્યાં નહીં,

રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી...

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ,પરિશ્રમ જેનું કર્તવ્ય હતું.

અંજલિ આપતા હૈયું તૂટે છે. શ્રદ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે.

કલ્પી ન શકાય તેવી અણધારી તમારી વિદાય અમારા સૌનાં કાળજા કંપાવી ગયા,

દિલ હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.

પરમાત્મા દિવ્ય આત્માને આશીર્વાદ આપે, એ જ ભાવનાત્મક શ્રધ્ધાંજલી

**પુત્ર-પુત્રવધુ : દિલીપ - શ્વેતા, રોહિત - લીના**
**દિકરી-જમાઈ : નીલમબેન - અશોકકુમાર ભણશાલી, હર્ષાબેન - સમીરકુમાર ઓધવાણી**
**પૌત્ર-પૌત્રવધુ : સાગર-આયશા(ચંચલ), ઉત્સવ - માહી (માધવી)**
**પૌત્રી-જમાઈ : ખુશ્બુ - કૃણાલ, નિધિ - ગૌરવ**
**પ્રપૌત્ર : શ્રેય**
**દોહિત્ર : હર્ષ, કિંજલ, જીલ**
**દોહિત્ર વધુ : ધ્રુવી**
**દોહિત્ર જમાઈ : કરણકુમાર લેખરાજાની, પારસકુમાર વસા**
**દોહિત્ર પુત્રી : પ્રાંસી, નાયરા**
**ભાઈઓ : સ્વ.શ્રી દલીચંદભાઈ, સ્વ.શ્રી તારાચંદભાઈ, સ્વ.શ્રી રતિલાલભાઈ**
**સ્વસુર પક્ષ : સ્વ.શ્રી તારાચંદભાઈ ત્રિભોવનદાસ દોશી (રાણપુર - ભેસાણ)**

**લી. : માતુશ્રી ચંદનબેન મનસુખલાલ મુલજીભાઈ પારેખ પરિવાર**

(વડાલ / આકોલા / દિલ્હી)

Kayami - June

# અરીસાના પ્રતિબિંબમાંથી બહાર નીકળીએ...

**વિનેશ અંતાણી**

**આપણી મર્યાદાઓને લીધે કોઈ ક્ષેત્રમાં આગળ વધવું શક્ય ન હોય તો તે છોડી જે ક્ષેત્રમાં આપણી ક્ષમતા હોય તે દિશામાં આગળ વધવું જોઈએ...**

જાણીતી ગ્રીક કથા છે - બહુ જુના સમયમાં નાર્સિસિસ નામના સ્વરૂપવાન યુવકે પહેલી વાર ઝરણા માં પોતાનું પ્રતિબિંબ જોયું. એ જાતના પ્રતિબિંબના પ્રેમમાં પડીને ખુવાર થઈ ગયો. આમ તો આ કથામાં બીજા બનાવ પણ બને છે, પરંતુ મૂળ વાત-જાતના પ્રેમ માં પડી જવાની છે. એને અંગ્રેજીમાં 'નાર્સિસિઝમ' કહેવાય છે. ગુજરાતીમાં નાર્સિસઝમને આત્મરતિ કે આત્મમોહ કહીં શકાય. જાતના પ્રેમમાં મોહાંધ બનેલા કેટલાય લોકો આપણી આસપાસ જોવા મળશે. આપણે પોતે પણ એમાંથી બાકાત રહી શકતાં નથી. પોતાની બાહ્ય સુંદરતાં પર મુગ્ધ લોકો એમની ભીતર રહેલી કુરૂપતા જોઈ શકતાં નથી. જાત પ્રત્યે સભાન હોવામાં કશું ખોટું નથી, પરંતુ એ સભાનતા આપણામાં રહેલી શક્તિ અને મર્યાદાની સમજમાંથી ઉદ્ભવે તો એના વધારે સારા પરિણામ મળે છે.

પોતાની મર્યાદા પ્રત્યે સભાન થવું અઘરું છે. જાત સાથે જ પ્રેમમાં ગળાડૂબ રહેતી વ્યક્તિ અન્ય લોકોએ ચીંધેલી મર્યાદા તરફ ધ્યાન આપવા તૈયાર નથી. બીજા લોકોને દેખાયેલી આપણી મર્યાદા દર વખતે સાચી જ હોય એવું માનવાને પણ કોઈ કારણ નથી. છતાં કોઈ વ્યક્તિ આપણી મર્યાદા બતાવે ત્યારે આપણે એના વિશે પૂરી તટસ્થતાથી અને ધ્યાનથી વિચારવું જોઈએ. એમાંથી જ સાચી જાત તપાસનો દરવાજો ઉઘડે છે. રહીમજીએ એક દોહામાં નિંદક-ટીકા કરનારને આપણી નજીક રાખવાનું અમસ્તું સૂચવ્યું નથી.

ડેવિડ ડનિંગ નામના મનોવૈજ્ઞાનિક કહે છે તેમ આપણી મર્યાદાનું નિરીક્ષણ કરનાર વ્યક્તિ આપણા પ્રત્યે પૂર્વગ્રહથી પીડાતી ન હોય અને આપણી શુભચિંતક હોય તો એણે કરેલું નિરીક્ષણ ક્યારેક સચોટ સાબિત થાય છે અને જીવનમાં માર્ગદર્શક પણ બને છે. આ વાત વ્યક્તિમાં રહેલી વિશિષ્ટતાઓ અને મર્યાદાઓ - બંનેને લાગુ પડે છે. લોકો બહારથી જેવા દેખાતા હોય તેવા જ અને તેટલા જ અંદરથી હોતા નથી. બીજા લોકોને આપણામાં શું દેખાય છે તે સમજવું પણ મહત્વનું હોય છે. અરીસામાં પડતા પ્રતિબિંબની બહાર આપણા અનેક સ્વરૂપ હોય છે. કેટલાય લોકો પોતાના વિશે 'હું જેવો છું તેવો સંપૂર્ણ અને પુરતો છું' એમ વિચારીને બંધિયારી તથા કુંઠિત વર્તુળમાં ઘેરાઈ જાય છે. તેઓ એમના વિકાસની શક્યતાઓને રૂંધી નાખે છે.

જીવનમાં વિકસવા માટે ફક્ત મર્યાદાઓ તરફ જ સભાન થવું પૂરતું નથી. દરેક વ્યક્તિ પોતાની શક્તિ અને સામર્થ્યને વેળાસર પારખવા આવશ્યક બને છે. ઘણાં લોકો તેઓ ક્યા ક્ષેત્રમાં સારી રીતે કામ કરી શકે છે તે જોયા-જાણ્યા વિના ખોટા ક્ષેત્રમાં આગળ વધવા મથે છે. ત્યાં એમની મર્યાદા - અણઆવડત આડે આવે છે. એમણે આદરેલું કાર્ય અધૂરૂં છોડી દેવું પડે છે. તેઓ બિનજરૂરી હતાશાનો ભોગ બને છે. આપણી મર્યાદાઓને લીધે કોઈ ક્ષેત્રમાં આગળ વધવું શક્ય ન હોય તો તે છોડી જે ક્ષેત્રમાં આપણી ક્ષમતા હોય તે દિશામાં આગળ વધવું જોઈએ. જીવનમાં આવો વળાંક પોતાના આવડત-સામર્થ્ય પારખી શકવાથી જ આવી શકે. યુએસેના મેરીલેન્ડ સ્ટેટમાં રહેતી લેખિકા આમન્ડા લિનેહાન કહે છે તેમ આપણી મર્યાદા દૂર કરવી જરૂરી છે, પરંતુ તે પાછળ વધારે સમય અને શક્તિ વેડફવાને બદલે આપણા સામર્થ્યને વિકસવાની તક જેમાં વધારે હોય તેવા ક્ષેત્ર પર વધારે ધ્યાન આપવું જોઈએ.

એમની વાત સાચી છે. જે ક્ષેત્રમાં સફળ થવાની શક્યતા જ ન હોય તેની પાછળ મચ્યા રહેવાથી વારંવાર અણગમતી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે, આત્મવિશ્વાસ ડહોળાઈ જાય છે, નિરાશા મળે છે. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન ફ્રેંચ ભાષાની પરીક્ષામાં નાપાસ થયાં. એમણે ભાષાના જ્ઞાનને લગતી મર્યાદા સુધારવા પાછળ જ સમય ગુમાવ્યો હોત તો તેઓ વિજ્ઞાનના ક્ષેત્રમાં મહાન સિદ્ધિઓ મેળવી શક્યા ન હોત. આઈન્સ્ટાઈન એમની રસરૂચિ અને તેમાં એમની નિપુણતા પારખીને તે દિશામાં આગળ વધ્યા. એવા કેટલાય નાના-મોટા ઉદાહરણ આસપાસથી મળી આવશે. જાત-તપાસ વ્યક્તિમાં રહેલી છુપી શક્તિને શોધવામાં સહાયતા કરે છે.

સફળતા ની માર્ગ શીખવતા વિચારકો એક મંત્ર યાદ રાખવા કહે છે. તમારા મનમાં દૃઢપણે વિચારો કે આ કામ સફળ થવાનું હશે તો તે મારાથી જ શક્ય બનશે. આ ગુરૂમંત્રમાં આફણા સામર્થ્યને ઓળખવાની ચાવી છે. એમાં ભરપૂર આત્મવિશ્વાસ વિકસાવવાની વાત છે, કોઈ પણ મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની તૈયારીનો ભાવ છે. જીવનમાં કશુંક સારું બનવાની રાહ જોતા બેસી રહી શકીએ નહીં. આપણું વાંચ્છિત મેળવવા સામે ચાલીને સક્રિય થવું પડે. પ્રેરણાત્મક વિષયોના લેખક રોબિન શર્મા મેનેજમેન્ટની ભાષામાં સમજાવે છે. તમે તમને ખુદની જિંદગીના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર-સીઈઓ તરીકે જોવા લાગશો તો બધું તમારા નિયંત્રણમાં રહેશે. તમે કોઈ સામાન્ય પેસેન્જરની જેમ જીવનયાત્રા પૂરી નહીં કરો, જહાજના કેપ્ટન જેમ તમારા જીવનને ઈચ્છેલી દિશામાં હંકારી શકશો.

# તને તો મારી જરાયે દયા પણ નથી આવતી!

**શ્રી કૃષ્ણકાંત ઉનડકટ**

હાથ ધોઈ એ રીતે પાછળ પડી,
જિંદગી કારણ વિના કાયમ લડી,
હું નહીં જીવી શકું તારા વગર,
ધારણાઓ કેટલી ખોટી પડી!

અર્પણ ક્રિસ્ટી

આપણે આપણી વ્યક્તિ સાથે કેવી ભાષામાં વાત કરીએ છીએ અને તેની સાથે કેવું વર્તન કરીએ છીએ તેના પરથી આપણા સંબંધ ની કક્ષા નક્કી થતી હોય છે. માત્ર સાથે રહેતાં હોઈએ એટલું પુરતું નથી, સાંનિધ્ય સજીવન હોવું જોઈએ. આદરની ચાદર ન હોય તો સંબંધો ઉઘાડા પડી જાય છે. માણસ ઓળખાઈ જાય છે. ઘણા લોકો પોતાના લોકો સાથે જ એવું વર્તન કરતાં હોય છે કે આપણને સવાલ થાય કે આને સાબિત શું કરવું છે? માણસને પોતાની વ્યક્તિ સાથે એટલું જ સાબિત કરવાનું હોય છે કે, હું તને પ્રેમ કરું છું. તું મારી પ્રાયોરિટી છે, તું મારા માટે અપવાદ છે, તારાથી વધુ કશું જ નથી! મજાની વાત એ છે કે જો પ્રેમ હોય તો એ આપોઆપ સાબિત થઈ જાય છે. એના માટે કોઈ પ્રયાસ કરવા પડતા નથી. પ્રયાસ કરવા પડે તો સમજવું કે સંબંધમાં સહજતાનો અભાવ છે. પોતાની વ્યક્તિ નારાજ હોય ત્યારે એને મનાવવાનો પ્રયાસ કરીએ એમાં અભાવ નથી હોતો, એમાં પ્રેમભાવ હોય છે. મનાવવાનું બંધ થાય ત્યારે અભાવની શરૂઆત થતી હોય છે.

સંબંધોમાં પણ અમુક સમયે માણસ રીઢો થઈ જાય છે. એક હદ પછી એને કોઈ ફેર પડતો નથી. ફેર ન પડે ત્યારે વર્તન અનફેર થવા લાગે છે. ભલે ઝઘડતા હોઈએ, પણ ફેર તો પડવો જ જોઈએ. એક કપલની વાત છે. ક્યારેક કોઈ વાતે ઝઘડો થઈ જતો. બંને વચ્ચે પ્રેમ તો હતો જ. પણ પ્રેમ હોય એટલે ઝઘડો ન થાય એવું જરૂરી થોડું છે? ઝઘડો થાય એટલે પતિ મોઢું ફુલાવીને બેસી જાય. બોલે તો નહીં, પણ જમવાનીયે ના પાડી દે! પતિ ભૂખ્યો હોય એ પત્નીથી સહન ન થાય. પત્ની આખરે મનાવે લે, ચાલ હવે જમી લે! તું નહીં જમે તો હું પણ નહીં ખાઉં! પતિને પણ એવું તો થાય જ કે, એ પણ જમી નથી, એ પણ ભૂખી છે! પતિ આખરે બોલીને જમવા બેસી જોય કે, તને ભૂખી નથી રાખવી એટલે જમવા બેસું છું!, ઝઘડા પછી પણ આપણને ફેર પડતો હોય તો સમજવું કે પ્રેમ બરકરાર છે! ખાવું હોય તો ખાય નહીંતર કંઈ નહીં એવું વિચારીને પોતે જમી લે અથવા તો મારે ખાવું નથી એમ કહ્યા પછી બહાર જઈને કંઈક કાઈ આવે તો સમજવું કે, હવે ફેર પડતો નથી. જીંદગી તો ફેર ન પડે તો ચાલતી જ રહેવાની છે, પણ દરેક ચાલતી જિંદગી જીવાતી હોતી નથી! અમુક જિંદગી ઢસડાતી હોય છે.

કેટલાક ઘરો સમરાંગણ જેવાં હોય છે. ઝપાઝપી માત્ર શારીરિક જ નથી હોતી, માનસિક પણ હોય છે. ટોર્ચર જેવી હિંસા બીજી કોઈ નથી. શબ્દોનો જ્યારે શસ્ત્ર તરીકે ઉપયોગ થતો હોય ત્યારે સંબંધો છેદાતા હોય છે. શબ્દોના ઘા માણસને ચીરી નાખે છે. તેજાબ જેવા શબ્દો માણસને બાળી નાખે છે. એક દંપતીની આ વાત છે. પતિ-પત્ની બંને આખો દિવસ ઝઘડયે જ રાખે. પાડોશમાં રહેતા એક વડીલ બંન્ને ને સમજાવે પણ એ બંન્ને કંઈ ફેર જ પડતો નહીં. એક વખત પત્નીએ એ વડીલને પૂછયું કે, “તમને અમારાં પર ગુસ્સો આવતો હશે ને?” પેલા વડીલે કહ્યું, “ના મને ગુસ્સો નથી આવતો, પણ તમારા બંનેની દયા આવે છે. તમે જે રીતે જીવો છો, એ રીતે ન જીવાય. તમારી કોઈ દયા ખાય એના જેવી કરૂણતા બીજી કોઈ નથી! તમને અકબીજાની દયા પણ નથી આવતી!”

દયા શબ્દ સાથે એક લાચારી જોડાયેલી હોય છે. દયાપાત્ર બનવું એ કમનસીબી છે. એક પતિ-પત્ની હતાં. બંને ઝઘડે ત્યારે અબોલા લઈ લે. નારાજગી લાંબી ખાંચાય. એક વખતઝઘડો થયો એ પછા વાત લાંબી ચાલી. પત્ની ગુસ્સામાં એવું ગઈ કે, “તને તો મારી જરાયે દયા પણ નથી

આવતી!" આ વાત સાંભળી પતિથી ન રહેવાયું. પત્ની પાસે આવીને એણે કહ્યું કે, "પ્લીઝ, આવું ન બોલ! દયા જેવો શબ્દ ન વાપર! હું નારાજ છું એ સાચું, પણ મને તારી દયા ખાવી ન ગમે! દયા ત્યાં હોય જ્યાં લાચારી હોય! દાંપત્યમાં દયાની વાત ન હોય! મારે તને ક્યારેય દયાપાત્ર બનાવવી નથી કે દયાપાત્ર જોવી નથી. પતિએ પત્ની મનાવી લીધી અને એવું પ્રોમિસ પણ લીધું કે હવે પછી ક્યારેય દયાય નથી આવતી એવું ન બોલતી!"

જે સંબંધ દયા પર નભતો હોય, એમાં કોઈ દમ નથી હોતો. એક પતિ-પત્ની આ સાવ સાચી વાત છે. પત્ની ગરીબ ઘરની હતી. પતિ ગર્ભશ્રીમંત હતો. પત્ની ગરીબ હતી, પણ સંસ્કારી હતી. સંપતિને કારણે બગડેલા પતિને પણ સાચવી લેતી. એક વખત બંને વચ્ચે ઝઘડો થયો. પત્ની ઘર છોડીને પિયર ચાલી ગઈ પિતાએ જ્યારે દિકરીને કારણ પૂછ્યું ત્યારે દિકરીએ સાચી વાત કહી. દિકરીએ કહ્યું કે, "અમારી વચ્ચે ઝઘડો થયો પછી એણે કહ્યું કે, એ તો મને તારી દયા આવે છે, બાકી ક્યારની કાઢી મૂકી હોત! બસ, આ વાતે જ મેં ઘર છોડી દીધું. મારે કોઈની દયા નથી જોઈતી! કોઈની દયા પર જીવવા કરતાં હું એકલી રહેવાનું વધુ પસંદ કરું." દિકરીની વાત સાંભળીને પિતાએ એટલું જ કહ્યું આપણે એની સરખામણીએ ગરીબ હોઈશું, પણ આપણે દયાપાત્ર તો નથી જ! 'આપણે શાંતિથી જીવી શકીએ એટલું તો આપણી પાસે છે. ક્યારેક તો જે લોકો બીજાને દયાપાત્ર સમજતાં હોય છે, એ જ દયાપાત્ર હોય છે. એને જ ખબર નથી હોતી કે જિંદગી કેવી રીતે જીવાય!'

દયાપાત્ર એ નથી જેની પાસે સંપત્તિ નથી, દયાપાત્ર એ નથી જે ગરીબ છે, દયાપાત્ર એ છે જેને જિંદગીની સમજ નથી. દયાપાત્ર એ છે જેનામાં ખુમારી નથી. જેને પ્રેમથી જીવતાં ન આવડતું એ શહેનશાહ હોય તો પણ એ દયાપાત્ર છે. એક અમીર માણસ હતો. એની સંપત્તિનું એને બહુ અભિમાન હતું. સંપત્તિ વધતી ગઈ, એમ એમ એનું અભિમાન પણ વધતું ગયું. બહારના લોકો તો ઠીક છે, ઘરના લોકોને પણ એ વડચકે લેતો. એ માણસથી કંટાળીને એની પત્ની અને સંતાનો પણ જુદા થઈ ગયા. એ માણસ તો પણ એવું જ કહેતો કે મારે કોઈની જરૂર નથી. મારી પાસે એટલા રૂપિયા છે કે હું મારું ધ્યાન રાખવા, મારી સેવા-ચાકરી કરવા માણસો રાખી લઈશ. તેણે માણસો રાખી પણ લીધા. એક વખત તેના બે માણસો વાતો કરતા હતા એ એના કાને પડી એવી વાત કરતા હતા કે, 'મને તો આ શેઠની દયા આવે છે. તેની પાસે બધું છે, છતાં કંઈ નથી! આ વાત સાંભળીને શેઠ લાલચોળ થઈ ગયા. મેં મારા ઘરના લોકોની વાત પણ સાંભળી નથી તો પછી આ લોકોની વાત થોડો સાંભળું? તેણે બંને માણસોને તતડાવીને કહ્યું કે, 'અત્યારે જ તમને બંનેને હું નોકરીમાંથી કાઢી મુકું છું! કાઢી મૂકવાની વાત સાંભળીને એક માણસ ખડખડાટ હસવા લાગ્યો. તેણે કહ્યું, તમે અમને તો કાઢી મૂકશો, પણ તમારા ઘરના લોકો તો તમને મૂકીને ભાગી ગયા છે! અમારા બદલે તમે બીજાને રાખશો, પણ એક વાત યાદ રાખજો, એ નવા માણસો પણ નોકરી કરવા જ આવવાના છે. પ્રેમ તો પોતાના લોકો જ કરે.'

તમારી કોઈને ફિકર હોય તો તમારા જેવું ધનવાન બીજું કોઈ નથી કોઈ રાહ જોતું હોય તો જ ઘરે જવાની ઉતાવળ રહે છે. ખરો દયાપાત્ર એ છે કે જેની કોઈ રાહ જોતું નથી. ઘણા લોકો એવી ફરિયાદ કરતાં હોય છે કે, 'મને કોઈ પ્રેમ જ કરતું નથી.' આવું કહેવાવાળા ખરેખર તો પોતે જ કોઈને પ્રેમ કરતાં હોતા નથી. પ્રેમ મેળવવા માટે પ્રેમ કરવો પડે છે. કોઈ ફિકર કરે એવી ઈચ્છા હોય તો કોઈની ચિંતા પણ થવી જોઈએ, આપણને ઊંઘ ન આવતી હોય ત્યારે કોઈ જાગતું રહે એવું ત્યારે જ બને જ્યારે બંને તરફ઼ે પ્રેમ છલોછલ જીવાતો હોય. દયાપાત્ર ન બનવા માટે પ્રેમપાત્ર બનવું પડે છે અને પ્રેમપાત્ર એ જ બની શકે છે, જેનામાં પ્રેમ કરવાની આવડત હોય! એકતરફી હોય એ અધૂરૂં જ રહે છે. પ્રેમ અને સંબંધમાં તો સહિયારું જ સંપૂર્ણ અને સાર્થક સિદ્ધ થાય છે!

**છેલ્લો સીનઃ**

**"દયા પારકાંની ખાવાની હોય, પોતાનાંની નહીં. પોતાનાં સાથે તો પ્રેમ જ હોય."** **- કેયુ.**

**સૌજન્ય : સંદેશ**

# શ્રદ્ધાંજલી



## સ્વ.કંચનબેન હરસુખલાલ કોરડીયા

સ્વર્ગવાસ : ૦૬-૦૭-૨૦૨૦

**શબ્દોથી ન વર્ણવી શકાય તેવી મમતા**
**વાણીથી ન કરી શકાય તેવી સમતા**
**પ્રભુની સદાય નજીક રહેવાય તેવી ધાર્મિકતા**
**સદાય હસતા રહે ને રાખે તેવી સઃહૃદયતા**
**અમને સાચો રાહ દેખાડનાર માર્ગદર્શિતા**

**આશિષ મળ્યા તમારા, રહી આજ સુધી છત્રછાયા, આપની હશે ગત ભવના પુણ્ય અમારા**
**જન્મોજન્મ મળે તમારો વાત્સલ્યભાવ એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના**
**આપે મમતાભર્યા પ્રેમથી અમારૂ પાલન કરી સાચા ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી અમારા વ્યક્તિત્વને વિકસાવ્યું છે.**
**આપના સૂચવેલા મૂલ્યો અને ઉચ્ચ સંસ્કારોનો વારસો અમે સાચવી શકીએ તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.**

લિ. સ્વ.હરસુખલાલ અંદરજી કોરડીયા

| | | | |
|---|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : રાજેશ-ડોલી, | હિતેન-રીટા, | રોહિત-મીના |
| પૌત્ર-પૌત્રવધુ | : રીષભ-પ્રિયા, | ધૈર્ય-મૈત્રી | |
| પૌત્ર-પૌત્રી | : જય, | આર્ચી | જીનલ-હિલોની |
| દિકરી-જમાઈ | : નીલા ચંદ્રેશકુમાર શાહ | | |
| દોહિત્ર - દોહિત્રવધુ | : રાહુલ - હેમાંક્ષી | | |
| દોહિત્રી | : જીનાલી - હાર્દિક - બેબીપિહુ | | |

રાજેશ કોરડીયા - મો. ૮૭૭૯૦૯૨૩૩૦, હિતેન કોરડીયા - મો. ૯૦૨૯૮૯૫૨૧૪
રોહિત કોરડીયા - મો. ૯૯૨૦૬૭૯૮૩૯

Kayami - July

# લઘુ વાર્તા

એક રાજા એના મંત્રી જોડે નગરમાં ફરવા નીકળ્યા. રસ્તામાં એણે લીલુંછમ ખેતર જોયું . એ ખેતરના બીજા છેડે એક પરિવાર રહેતો હતો. પતિ-પત્નિ અને એમના બે સંતાનો. અતિશય આનંદમાં તેઓ ગીતો ગાતા હતા. આમ-તેમ ફરતાં હતા અને એમના ચહેરાઓ ઉપર સૂર્ય સમું તેજ હતું. સુખ શું હોઈ શકે એ આ પરિવારને જોતા જ સમજાઈ જાય એમ હતું. રાજા એ અતિશય આશ્ચર્ય થયું એણે મંત્રી ને સવાલ કર્યો, "હું આખા પ્રદેશનો રાજા છું! દોમ દોમ સાહ્યબી છે તેમ છતાં હું આ લોકો જેટલો ખુશ કેમ નથી?" મંત્રી એ હસીને જવાબ આપ્યો, "એ લોકો કલ્બ ૯૯ નાં સભ્યો નથી અને તમે છો ને એટલે!!"

"કલ્બ ૯૯? એ શું છે??" રાજાને આશ્ચર્ય થયું. મંત્રી એ કહ્યું, "મને ૯૯ સોના મહોર આપો અને આ પ્રશ્ન નો જવાબ હું એક મહિના પછી બસ આ જગ્યાએ આપીશ." રાજા આ મુત્સદી જવાબથી ચિડાયો, પણ જવાબ જાણવાની ઉત્સુક્તાએ એણે મંત્રીને ૯૯ સોના મહોર આપી. મંત્રી એ એજ રાત્રે જઈને એ ૯૯ સોનામહોર ભરેલી થેલી પેલા સુખી પરિવારની ઝુંપડી આગળ મૂકી દીધી.

બીજે દિવસે સવારે જ્યારે પતિએ જાગીને દરવાજા પાસે જોયું તો એને પેલા મંત્રીએ મુકેલી થેલી મળી. એણે અંદર જઈને જોયું તો અંદર સોનામહોર દેખાઈ. એના આનંદનો પાર ન રહ્યો. એ બધી જ સોનામહોર બહાર કાઢીને ગણવા લાગ્યો. એક, બે,ત્રણ,ચાર... નવ્વાણું. કંઈક ભૂલ થઈ લાગતી હોય એમ એણે ફરીવાર ગણવાનું શરું કર્યું. ફરીથી આંકડો ૯૯ નો જ આવ્યો. એણે એની પત્નીને બોલાવી અને કહ્યું, "તું આ સોનામહોર ગણ. એને ય આંકડો ૯૯ નો જ આવ્યો." સહેજ હતાશ થઈને પતિએ મનોમન વિચાર કર્યો, "જો એક સોનામહોર હું મહેનત કરીને કમાઈ લઈશ તો અમારી પાસે પૂરી ૧૦૦ સોનામહોર થઈ જશે." એ દિવસ રાત મહેનત કરવા લાગ્યો. ખેતરમાંથી પાક વધુ અને સારો થાય એને માટે અથાગ પરિશ્રમ કરવા લાગ્યો. એવામાં એક દિવસ સાંજે ઘરે આવીને એણે સોનામહોર ગણી... તો આંકડો ૯૭ જ આવ્યો. "આમાંથી બે સોનામહોર ઓછી કેવી રીતે થઈ ગઈ?" એણે અતિશય ગુસ્સામાં કહ્યું. એની પત્ની અંદરથી જવાબ આપ્યો. "બે સોનામહોર માંથી હું ખરીદી કરી આવી! જુઓ આ સાડી....કેવી લાગે છે?"

પતિનો પિત્તો ગયો, "તને બે સોનામહોર વાપરવાનું કોણે કીધું હતું? હું આટલી મહેનત કરીને એક સોનામહોર કમાવવાની કોશિશ કરું છું અને તું બે વાપરી આવી?" "તમે તો સ્વભાવે જ કંજૂસ છો. ક્યારેય વાપરવાના તો હતા નહીં એટલે મે જ એનો ઉપયોગ કર્યો" પત્નીએ છણકો કર્યો. એવામાં બીજે દિવસે એનો છોકરો એક સોનામહોર વેચીને નવી ઘડિયાળ લઈ આવ્યો. પેલો માણસ ફરી એની ઉપર ચિડાયો. "સોનામહોર ઘટતી ગઈ"...અને ..."કંકાસ વધતો ગયો."

બરાબર એક મહિને રાજા અને મંત્રી ફરી એ જ જગ્યા એ ઊભા રહીને જુએ છે તો પરિવારમાંથી સુખનું નામો નિશાન નહોતું. ચહેરા ઉપરની રોનક ઉડી ગઈ હતી. અતિશય ગંભીરતા ભર્યું વાતાવરણ હતું. એમ લાગતું હતું કે ગમે ત્યારે ઝઘડો ફાટી નીકળશે. રાજાને અતિશય નવાઈ લાગી. મંત્રી ને મંદ મંદ હસતા જોઈ એણે પૂછયું, "શું થયું આ લોકોને? સુખ ક્યાં ગયું?" મંત્રીએ હસીને જવાબ આપ્યો, "રાજન! હવે આ લોકો પણ કલ્બ ૯૯ ના સભ્યો છે." "તમે આપેલી ૯૯ સોનામહોર મેં એમના ઘરને દરવાજે મૂકી દીધી. અને એ ૯૯ સોનામહોર ને ૧૦૦ કેમ કરવી એની પળોજળમાં આ પરિવારનું સુખ હણાઈ ગયું." આપણામાંથી એવા ઘણાં છે જેની પાસે ૯૯ સોનામોહર પડેલી જ છે. પણ બીજી એક સોનામહોર કમાવવાની માથાકૂટમાં ને માથાકૂટમાં એ ૯૯ સોનામહોર ખોટી જગ્યા એ વેડફાઈ જાય છે. અથવા તો સોનામહોરો એમને એમ મૂકીને પોતે જ ગુજરી જાય છે. જે નથી મળ્યું એની પાછળ દોડવા કરતા જે મળ્યું છે એનો આનંદ માણતાં જો આવડી જાય ને તો ૯૯ ટકા મુશ્કેલીઓ સમાપ્ત થઈ જશે અને ૯૯ સોનામહોર નો ભાર પણ માથે નહીં રહે!

## નાનકડી શીખ

કૈંક ઈચ્છાઓ અધૂરી હોય છે,
જિંદગી તોયે મધૂરી હોય છે,
દ્રાક્ષ ખાટી દર વખતે હોતી નથી,
જીભ પણ ક્યારેક તૂરી હોય છે.
લીમડાના પાન મેં પણ ચાખ્યા છે,
માણસના બોલ કરતા મીઠા લાગ્યા છે.
જિંદગી રોજ મને શીખવે કે જીવતા શીખ,
એક સાંધતા તેર તૂટશે, પણ સીવતા શીખ..

**"મન ભરીને જીવો, મનમાં ભરીને નહીં"**

# ડોક્ટરની ડાયરી - સીઝન - ૨-૧
# ડોક્ટરની ડાયરી
ડૉ. શરદ ઠાકર

**લોકોને જોયા અમે, આ એક બાબતમાં ઉદાર**
**કોઈને કહેવું નથી પડતું, પ્રહાર આપજો**

મધરાતનો સુમાર. વયોવૃધ્ધ બિમાર ડૉ.પટેલ સાહેબના બંગલાની ડોરબેલ ગૂંજી ઉઠી. નોકરે બારણું ઉગાડયું. ઝાંપા આગળ એક રીક્ષા ઊભી હતી. રીક્ષામાં એક ગરીબ મુસલમાન ઔરત ખોળામાં લાશ જેવી બાળકી લઈને બેઠી હતી. એનો ખાવિંદ ડૉ.પટેલના બંગલાના બારણા પાસે ઊભો હતો. નોકરને વિનવી રહ્યો હતો. "સાહેબને બોલાવો ને! જલદી કરો ભાઈ, મારી ગુલશન મરી રહી છે..."

નોકરે જવાબમાં જ જાકારો આપી દીધો, "ભાઈ તુ ખોટા સમયે આવ્યો છે. અમારા ડોક્ટર સાહેબ પોતે જ હાલમાં બિમાર છે. થોડા દિવસો પહેલાં જ એમને હાર્ટ એટેક આવી ગયો. અમદાવાદમાં બાય પાસ સર્જરી કરાવીને આજે સાંજે જ ઘરે આવ્યા છે. ડોક્ટરોએ એમને હરવા-ફરવાની છૂટ આપી છે. પણ દવાખાનું ચલાવવાની કડક મનાઈ કરી છે. સાહેબ સરકારી હોસ્પિટલમાં માનદ સેવાઓ આપવા જતા હતા ત્યાં પણ દોઢ મહિનાની રજા મૂકી દીધી છે."

મરતા ક્યા નહીં કરતા? ગરીબ બાપને ડોક્ટરની બાય પાસ સર્જરી સાથે શી લેવા-દેવા? એને મન તો એની મરી રહેલી ગુલશનનો પ્રશ્ન એ જ વિશ્વનો સૌથી મહત્વનો પ્રશ્ન હતો.

"ભાઈ તું આટલું બધુ બોલી ગયો એને બદલે એક વાર અંદર જઈને પટેલ સાહેબને કહી આવ ને કે રમઝાન ભાઈ નામનો એક મજબૂર બાપ એની બિમાર બેટીને લઈને તમારા આંગણે આવ્યો છે અને સારવારની ભીખ માગી રહ્યો છે! પછી જો તારા સાહેબ આવવાની ના પાડશે તો હું  ચાલ્યો જઈશ."

નોકર સમજી ગયો કે આ 'બલા' આસાનીથી ટળવાની નથી. એ અંદર ગયો. બેડરૂમમાં એના સાહેબ ઘેરી નિંદરમાં પોઢેલા હતા. ડબલ બેડ પર એમના પત્ની પણ દિવસભરનો થાક ઓઢીને પડખે હતા. યુવાન દિકરી ડૉ.ચિત્રા બાજુની પાટ પર કાગાનિંદામાં પડેલી હતી. ચિત્રાને એના પિતાની ખૂબ જ ચિંતા હતા. સમયાંતરે દવાઓ આપવી, રાત્રે બાથરૂમ સુધી લઈ જવા, નાની મોટી ફરિયાદ થાય તો સીધા કાર્ડિયોલોજીસ્ટ સાથે ફોન પર વાત કરવી; આ બધી જવાબદારીઓ ડૉ.ચિત્રા ઊઠાવી હતી.

નોકરે હજુ તો બેડરૂમનું બારણું હડસેલ્યુ એટલામાં જ ડૉ.ચિત્રા જાગી ગઈ "શું છે?"

"બહેન, પપ્પાને કહો કે પેશન્ટ છે. ઈમર્જન્સી છે."

"તું ગાંડો થયો છે? પેશન્ટને કહી દે પપ્પા...."

"એ નથી માનતો જીદ પકડીને બેઠો છે. કહે છે કે ના પાડનાર તમે કોણ? ડૉ.પટેલ સાહેબ પોતે ના પાડશે તો એ ચાલ્યો જશે."

ડૉ.ચિત્રાને મામલો સમજમાં આવી ગયો એ પોતે તાજી ડોક્ટર બની હતી. ગાયનેકોલોજીસ્ટ હતી. પણ એને દર્દીઓની આવી જીદી માનસિકતા અનુભવો થઈ ચૂક્યા હતા. એણે પપ્પાની પાસે હળવેથી એમના હાથને સ્પર્શ કર્યો. ડૉ.પટેલને ખલેલ પડી. તેમણે આંખો ખોલી. બાજુમાં દિકરીને ઊભેલી જોઈને પૂછયું "દવાનો ટાઈમ થયો?"

ચિત્રા હસી પડી, "ના પપ્પા! દરદીનો ટાઈમ થયો છે. એક ઈમરજન્સી કેસ છે. અમારું નહીં સાંભળે, યુ વિલ હેવ ટુ ગો એન્ડ સે નો ટુ હીમ"

ઉંમર થઈ હતી આ હૃદયે સાથ આપવાનું બંધ કર્યું હતું. કાર્ડિયાક સર્જરી કરાવવી પડી. એટલે દોઢ મહિના રજા મૂકવી પડી. પોતાના ક્લિનિકમાં પણ ખાડો પાડયો હતો.

તેમ છતાં ડૉ.પટેલ બેઠા થઈ ગયા. નોકર દોડીને વ્હીલ ચેર લઈ આવ્યો. ડૉ.ચિત્રા પપ્પાને ટેકો આપીને એમાં શિફ્ટ કર્યા. ડૉ.પટેલ ચાલવામાં હજુ તકલીફ પડતી હતી. હાંફી જવાતું હતું ધ્રૂજતા હતા. વ્હીલ ચેરમાં બેસીને તેઓ બારણાં પાસે આવ્યા.

રમઝાનની આંખો ચમકી ઉઠી, "સા'બ આવી ગયા ને? હું રીક્ષામાંથી મારી ગુલુને લઈ આવું..." એ ગાંડો બાપડો દોડી ગયો.

બે જ મિનિટ પછી ગુલુ ડૉ.પટેલની આંખો સામે હતી. ઝાડા ઉલ્ટીથી નખાઈ ગયેલી માથાનુ તાળવું ઊંડું ઊતરી ગયું હતું. ચામડી એની સ્થિતિસ્થાપકતા ગુમાવી બેઠી હતી. પેશાબ છ કલાકથી બંધ હતો. પેટ ફૂલી ગયું હતું. બાળકીનાં કપડાં પર લીલા રંગની ઉલટીના દુર્ગંધ મારતા ધબ્બાઓ જોઈ શકાતા હતા.

"ભાઈ તારી દિકરીની હાલત તો ખૂબ જ ગંભીર છે. એ ભાગ્યે જ બચે તેમ છે. તુ એને લઈને સરકારી હોસ્પિટલમાં પહોંચી જા ત્યાં બાળરોગ વિભાગમાં એને દાખલ કરવી પડશે."

"સા'બ હું ત્યાંજ ગયો હતો. આપના પ્રાઈવેટ ક્લીનીક માં આવવા જેટલી તો મારી હેસીયત ક્યાં છે? મને ખબર છે કે સરકારી દવાખાનામાં પણ આપ જાવ છો. એટલે જ હું ત્યાં..."

"તો પછી ત્યાંથી અહીં શા માટે આવ્યો?"

"ત્યાં ડયુટી પર એક  જુવાન ડોક્ટર હતા. એમણે કેસ લેવાની ના પાડી દીધી. કહી દીધું કે ગુલી મરી જશે. જો એને જીવડાવી હોય તો પટેલ સાહેબ પાસે લઈ જા. એમણે કહ્યુંએ ખરું કે સાહેબ પોતે બીમાર છે. પણ પ્રયત્ન કરીજો એટલે હું આપની પાસે... રમઝાન રડી પડયો  સા'બ મારી ગુલીને બચાવી લો જોઈએ તો એને પ્રાઈવેટમાં દાખલ

કરી દો હું મારું ઝુંપડું વેચીને ફી....”

“રહેવા દે ભાઈ! જિંદગીમાં મારી ફી ચૂકવવા માટે કોઈએ મકાન તો શું પણ પિતળનું વાસણ પણ વેંચવું નથી પડયું. મારો સ્ટાફ તો રજા પર છે. તું એક કામ કર; રીક્ષામાં બેસીને પાછો સરકારી દવાખાને પહોંચી જા હું ત્યાંજ આવું છું.”

ડો.ચિત્રા લગભગ ચીસ પાડી ઊઠી, “પપ્પા! તમે આ શું કહી રહ્યા છો? ડોક્ટરોએ તમને બેડરૂમની બહાર નીકળવાની મનાઈ કરી છે. તમે ગવર્નમેન્ટ હોસ્પિટલ સુધી જવાની વાત કરો છો? મને ખબર છે કે ત્યાં બાળકોનો વિભાગ ચોથા માળ પર આવેલો છે. ત્યાંની લિફ્ટ વરસમાં તેર મહિના તો બગડેલી હોય છે. તમે ચાલીસ પગથિયા ચડીને...? નો, પપ્પા, હું તમને એવું નહીં કરવા દઉં.”

“ચિત્રા બેટા! તું પણ એક ડોક્ટર છે ને? તારાથી આવી વાત કરાય? હું પથારીમાં આખી જિંદગી પડયો રહું તો પણ આ રફુ કામ વાળા હાર્ટ સાથે કેટલા વર્ષ કાઢીશ? એના કરતા આ ગરીબ માણસની કળી જેવી દિકરીને જીવાડતો જઉં તો કદાચ સિતેર-એંશી વર્ષ સુધી જીવતી રહેશે. આપણો મેડીકલ પ્રોફેશન આખરે બીજુ શું છે? આપણાં દર્દીઓના શ્વાસોમાં આપણાં શ્વાસો ઊમેરીને આ જગતમાંથી ચાલ્યા જવાનું એક સત્કર્મ જ ને!”

આટલું સમજાવીને ડો.પટેલે ડો.ચિત્રાને કહ્યું. “ચાલ ગાડી બહાર કાઢ. તું આવે છે સાથે? કે પછી હું જાતે ચલાવીને ...?”

ડો.ચિત્રા સમજી ગઈ કે એનો ‘બાપ’ અત્યારે હઠ ઉપર આવી ગયો છે.. એણે ગેરેજનું શટર ઊઘાડીને કાર બહાર કાઢી ડો.પટેલ બેસી ગયા.

હોસ્પિટલ ચાર-ચાર દાદરા ચડવા એ સિવાયેલા હ્રદય વાળા વૃધ્ધ ડોક્ટર માટે હિમાલયનું આરોહણ કરવા જેવું કપરુ કામ હતું. ડો.પટેલ હળવે હળવે પગથિયા ચડતા ગયા. દિકરીનાં ખભા પર હાથ મૂકીને વિરામ લેતા ગયા. હાંફતા હાંફતા આખરે ચોથા માળે જઈ પહોંચ્યા. જઈને વોર્ડની ખુરશીમાં ફસડાઈ પડયા. શ્વાસ હેઠો બેઠો એ પછી એમણે નર્સને આદેશ આપ્યો, ‘સિસ્ટર બેબીને નસમાં ગ્લુકોઝ સેલાઈનની બોટલ ચડાવવાની છે...’

“સર એની બધી નસો દબાઈ ગઈ છે. સોય જશે જ નહીં. અગાઉ અમે ટ્રાય કરી ચૂક્યા છીએ.” નર્સે ખુલાસો કર્યો

“આઈ સી! તો પછી વેનીસેક્શનની તૈયારી કરો. એની નસ કાપીને પાતળો પોલીથીન તાર દાખલ કરવો પડશે. બી ક્વિક! વી આર ફાઈટીંગ અગેઈન્સ્ટ ટાઈમ!” એક મેડિકલ ઓફિસર મદદમાં દોડી આવ્યા. આઠ જ માસની ગુલશનના પગની પીંડી પાસે ચેકો મૂકીને એની નસ કાપીને એમાં સાવ બારીક નળી દાખલ કરવામાં આવી. પછી પ્રવાહીનો બાટલો ચડાવવામાં આવ્યો. નસ સાવ સંકોચાઈ ગઈ હોવાથી પ્રવાહીના ટીપાં સાવ જ મંદ ગતિમાં એના શરીરમાં જઈ રહ્યા હતા. પણ ધીમે ધીમે બાળકીનું ડીહાઈડ્રેશન દૂર થવા લાગ્યું હતું.

દરમ્યાન ડો.પટેલ નર્સને પાંચ ઈન્જેક્સનોના નામ જણાવ્યા, “સિસ્ટર, આ બધાં એક પછી એક સીધા નસમાં જ આપી દો.”

ગુલશનનાં નાકમાંથી પાતળી ટયુબ જેવી નળી પસાર કરવામાં આવી, “સિસ્ટર, દર્દીનું પેટ ફુલી ગયું છે એમાં બગાડ જમા થયો છે. તે આગળ વધી શકતો નથી. માટે થોડી થોડી વારે આ નળીના છેડા સાથે સિરીંજ જોડીને પ્રવાહી ખેંચતા રહેજો.”

નાકના બીજા નસકોરામાં ઓક્સિજનની નળી દાખલ કરી દીધી. હવે ગુલશનની સ્થિતિ ‘સ્ટેબલ’ થઈ ગઈ. ગુલશનને ૧૦૪ તાવ હતો. ડોક્ટરે બરફના પાણીના પોતાં મૂકાવ્યા. પૂરા બે કલાક તેઓ વોર્ડમાં બેસી રહ્યા. ગુલશનનું ટેમ્પરેચર ઊતરવા માંડયું. પેટ ધીમે ધીમે ખાલી થવા લાગ્યું. ડીહાઈડ્રેશન દૂર થવા માંડયું. એણે હવે આંખો ઊઘાડી ફિક્કું સ્મિત ફરકાવ્યું. એ પછી જ ડો.પટેલ ઘરે જવા માટે ઊભા થયા.

ગુલશનની જિંદગી બચી ગઈ. પણ ડો.પટેલ તકલીફમાં આવી પડયા. સરકારી હોસ્પિટલમાં કેટલાક ડોક્ટરો એમના વિરોધીઓ હતા. એમનાથી ડો.પટેલની આવી લોકપ્રિયતા સહન થતી ન હતી. એક ઈર્ષાળુ એ ફરિયાદ કરી. “ડો.પટેલ પોતે બિમાર હોવા છતાં શા માટે દર્દી સારવાર આપવા માટે સરકારી હોસ્પિટલમાં આવ્યા એ તપાસ માગી લો તેવો પ્રશ્ન છે. મને લાગે છે તેઓ સસ્તી પ્રસિધ્ધિ મેળવવા માટે આવુ કરી રહ્યા છે., એ રીતે તેઓ દર્દીઓને એમના પ્રાઈવેટ દવાખાનામાં ખેંચી જાય છે. અમારી વિનંતી છે કે તેમના ઉપર યોગ્ય પગલા લેવામાં આવે.” સાંજનો સમય હતો. ડો.પટેલ સતત પાંચ દિવસથી આવી શારીરિક હાલતમાં સરકારી દવાખાનામાં ગુલશનને જોવા માટે આવતા રહેતા હતા. એક દિવસ ગુલશનના બાપને એણે દુ:ખી જોઈને પૂછયું “શું છે? હવે તારી ગુલુ બચી ગઈ છે.”

“હા, સા’બ! પણ એની પાછળ દવાઓ અને ફળોના થઈને ત્રણ હજાર રૂપિયા ખર્ચાય ગયા છે. મેં વ્યાજે લીધા છે એની ચિંતામાં હું દુ:ખી છું.” રમઝાનની વાત સાંભળીને ડો.પટેલે ત્રણ હજાર રૂપિયા કાઢી આપ્યા. બરાબર ત્યારે જ પ્યૂન આવીને એક પરબિડીયું આપી ગયો. ડો.પટેલ અંદરથી કાગળ કાઢીને વાંચ્યો લખ્યું હતું. “આવતી પહેલી તારીખથી આપની માનદ સેવાઓને ટર્મિનેટ કરવામાં આવે છે.”

ડો.પટેલની આંખો છલકાઈ ઊઠી. એ બબડી રહ્યા. જ્યારે પચીસ વર્ષનો હતો ત્યારે અમેરિકા સેટલ થવાની તક મળી હતી. વધાવી લીધી હોત તો આજે આ સમય ન આવ્યો હોત!

કથા બીજ : ડો..ટી.એચ.સાહેરવાલા - ગોધરા

શીર્ષક પંક્તિ - બેફામ

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



## સ્વ.લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા

**સ્વર્ગવાસ : ૨૬-૦૫-૨૦૧૯**

**વડાલ સોરઠ નિવાસી હાલ બોરીવલી (વેસ્ટ)**

જીંદગીનો ભાર ઢસડી ઢસડીને,
મનથી બેવડ વળી ચુકેલા તોય ખુશીથી અમને રાખતા
કણીઓ પડેલી હથેળીઓને બરછટ બનેલા હાથ,
તોય કોળીયો અમોને ભરાવતા...
ઘા ભલે ને હોય હજાર તોય વહાલ અમોને કરતા...
જેમનું તન મન એકતા નો સંદેશ આપતા
જેમનું જીવન આધ્યત્મ વિકાસ નો સંદેશ આપે
જેમના શ્વાસે શ્વાસે કુટુંબ કલ્યાણની ભાવના વસે
જેમના શબ્દે શબ્દે વાત્સલ્ય નું ઝરણું વહે
એવા પરમ ઉપકારી પ્રાતઃ
વંદનીય પૂજ્ય માતુશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન

**સ્વ.ભગવાનદાસ દામોદર મહેતા**
**કીર્તિભાઈ - સ્વ.ભારતીબેન પરિવાર**
**ગીરીશભાઈ - હર્ષાબેન પરિવાર**
**હરીશભાઈ - જાગૃતિબેન પરિવાર**

**ભાવનાબેન ભરતકુમાર કોરડીયા પરિવાર**
**માયાબેન સંજયભાઈ મહેતા પરિવાર**
**કૃપાબેન મિતુલકુમાર વોરા પરિવાર**
**નેહાબેન બિરજકુમાર મહેતા પરિવાર**

**મહેતા પરિવાર**

Kayami - May

# શિખવા માટે ઉંમર નહીં ધગશ જોઈએ

**આરતી રામાણી 'એન્જલ' - બેંગ્લોર**

**"પાકા ઘડે કાંઠા ન ચડે"** આ કહેવતથી આપણે પરિચિત છીએ. કુંભાર આખો ઘડો ઘડે છે. જો ઘડો બનાવીને રાખી દે અને બીજા દિવસે તેનો કાંઠો ઘડે; તો ઘડી શકાતો નથી, કારણ ઘડાની માટી સૂકાયેલી, જ્યારે ચડતાં કાંઠાની માટી ભીની હોય છે. ઉપરાંત સૂકી માટીને નવો આકાર નથી આપી શકાતો, પણ ભીની માટીને કોઈ પણ ઢાળમાં ઢાળી શકાય છે. તેવી રીતે "વ્યક્તિને મોટી ઉંમરની અને પરિપક્વ બન્યા પછી નવું શીખવું કે કરવું હોય, તો તે શીખી નથી શકતી" આવું દુનિયા કહે છે!

લંડન સ્થિત ફેયી રૈમી અબ્રાહમ અનુસાર કંઈક કરવા માટે વિચારવા કરતા કરી લેવું. પરિસ્થિતિ યોગ્ય થવાની રાહ જોવાથી તે ક્યારેક યોગ્ય નથી થતી! તેમણે ૫૨ વર્ષની વયે એ પણ લોકડાઉન દરમ્યાન પોતાનો પ્રથમ બિઝનેસ **"ધ બ્લેક ડિમેન્શિયા"** નામથી શરૂ કર્યો જેમાંથી તેઓ કમાણી પણ કરી રહ્યાં છે. વાતનું તાત્પર્ય એ; છે કે કંઈક નવું કરવા, કે શીખવા માટે ઉંમર નહીં ધગશ જોઈએ. મનમાં એક જુસ્સો જોઈએ, વળી મોટી ઉંમરે કંઈક નવુ કરવા શીખવાની શરૂઆત કરવાનાં ઘણાં ફાયદા છે. પાકાં ઘડા પર ભીની કે સુકી કોઈ પણ માટી નાખવાથી તેનાં મૂળ આકારમાં કોઈ ફેરફાર થતો નથી. તેવી જ રીતે પરિપક્વ થયાં પછી નિષ્ફળતા મળતાં તેમનામાં ફેરફાર થતો નથી, જ્યારે યુવાનો હતાશા અનુભવે છે. ઘણી વાર નિષ્ફળતા મળતાં યુવાનો પોતાના પરિવારનો વિચાર કર્યા વગર જીવન પણ ટૂંકાવી દે છે. જ્યારે મોટી ઉંમરની વ્યક્તિ અડગ રહે છે.

વ્યક્તિ કોઈ પણ ઉંમરે જે ધારે તે કરી શકે છે. હાલ એક અજ્ઞાતે આપેલું ઉદાહરણ નજર સામે આવેલું. પાંચ-છ વર્ષનું બાળક અને તેની નવ-દસ વર્ષનો મોટાભાઈ રમતાં રમતાં ક્યાંય દૂર પહોંચી ગયા. રમતમાં તેનો મોટોભાઈ કૂવામાં પડી ગયો! તે બાળક ખૂબ ડરવા લાગ્યું! આસપાસ જોયું; પણ મદદ માટે કોઈ ના હતું, ત્યાં તેને કૂવાની ગરગડી પર ડોલ સાથે પાણી ખેંચવાની દોરી દેખાતાં, તરત જ તેનાં ભાઈને તે દોરી પકડી લેવા કહ્યું. બાદ તેને પોતાનું પૂરું જોર લગાવી દોરી ખેંચી અને તેના ભાઈને જે પોતાનાં કરતાં ઘણું વધારે વજન ધરાવતો હતો તેને કુવામાંથી બહાર કાઢયો. જાણો છો આ કંઈ રીતે શક્ય બન્યું? તે સમયે બાળકને તેની આસપાસ ના તો કોઈ હિંમત આપવાવાળું હતું, કે ના કોઈ એમ કહેવાવાળું કે 'તું આ નહીં કરી શકે?' મતલબ નાસીપાસ આપણે થતાં નથી. દુનિયા કરાવે છે.

જો મોટી ઉંમરે કંઈક નવું શીખવું કે કરવું હોય તો તે સૌથી યોગ્ય સમય છે, કારણ એ ઉંમરે પહોંચ્યા પછી વ્યક્તિ ઘણાં અંશે નિવૃત્ત હોય છે. પરિવારની જવાબદારી, ધંધાનો કારભાર આ બધાનો ભાર ઘણાં અંશે ઓછો થઈ ગયો હોવાથી કંઈક નવું કરવા કે શીખવા ખુદ માટે પૂરતો સમય કાઢી શકે છે, વળી શીખી શકો છો કે નહીં એ મહત્વનું નથી. મહત્વનું એ કોશિશ કરવી! આમ પણ કોશિશ કરવાથી ગુમાવવાનું તો કંઈ જ નથી. હા મળવા માટે ઘણું બધું છે!

દુનિયા, સમાજ, પરિવાર આ બધા શું કહેશે એવો વિચાર કરવા કરતાં તમારું મન શું કહે છે એનો વિચાર કરો, કારણ સમય હાથમાંથી સરતો રહે છે. હાથની મુઠ્ઠી વાળી સમયને રોકી નહીં શકાય! યોગ્ય છે મુઠ્ઠીને ખોલીને સરતાં સમયને કોઈ નવી દિશા આપવી. સમયને એ રીતે વાળો કે સમય વીતી ગયા પછી પણ તમારાં ઉદાહરણ દ્વારા લોકો નવી પ્રેરણા મેળવે!

## અનુમોદના



માતુશ્રી કંચનબેન અમીચંદભાઈ વોરા તરફથી સ્વ. અમીચંદભાઈ જીવનલાલ વોરા તથા પરેશ અને સંજય અમીચંદભાઈ વોરા ની પુણ્ય સ્મૃતિ માં બ્લડ કેન્સર નું નિદાન કરવા માટે ફુલ્લી ઑટોમેટિક **HEMATOLOGY ANALYZER MACHINE 'જેની કુલ કિંમત રૂપિયા ૧૬ લાખ થાય છે.'** તે પરેલ ની **K.E.M** હોસ્પિટલ ને અર્પણ કરેલ હતું હોસ્પિટલ વતી ડીન ડો. સંગીતા રાવત દ્વારા આ અત્યાધુનિક મશીનો સ્વીકારવામાં આવેલા હતા.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ-મુંબઈ માતુશ્રી કંચનબેન વોરા ના આ અતિ ઉપયોગી સેવા કાર્યની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

# ઈશ્વરની અદાલત...

રવિવારનો દિવસ... સવારના દસ વાગ્યા હતા. અચાનક મારા મિત્ર ભાવેશનો મોબાઈલ મારા ઉપર આવ્યો. ભાવેશનો નંબર અને નામ વાંચી મને નવાઈ લાગી.... જિંદગીની રફતાર... રુપિયાની વાત કરું તો અમારા થી ઘણો દૂર નીકળી ગયો હતો.... કરોડોની વાતો અને કરોડોના બિઝનેસમાં મારા જેવો પગારદાર મિત્રની અચાનક યાદ કેમ આવી? મેં કીધું બોલ દોસ્ત સુદામાની યાદ કેમ આવી? મારે તને મળવું છે ભાવેશની વાતમાં ઢીલાશ હતી. મેં કીધું દોસ્ત એપોઈન્ટમેન્ટ મોટા માણસ ની લેવાય અમે તો નાના માણસ... આવ દોસ્ત ઘરે જ છું. થોડીવાર પછી ભાવેશ અમારા ઘરે વર્ષો પછી આવ્યો. મેં તેને આવકાર્યો, થોડી વાતચીત પછી મેં કીધું દોસ્ત તારું અચાનક આ તરફ આવવા પાછળ કોઈ કારણ તો છુપાયેલ હોવું જોઈએ. તારી વાત સાચી છે. દોસ્ત.. આજે તારે મારી સાથે આવવાનું છે... ભાવેશ બોલ્યો ક્યાં? રોહિતના ઘરે? પણ રોહિતને તો દુનિયા છોડે ૨૦ વર્ષ થવા આવ્યા.. હવે તેના ઘરે જઈ તારે શું કરવું છે? મારે જુનો હિસાબ પૂરો કરવો છે. ઢીલા અવાજે ભાવેશ બોલ્યો. સમીર તે મને ઘણા વર્ષો પહેલા કર્મના સિધ્ધાંતો સમજાવતા કીધું હતું.. દોસ્ત..હક્ક નું રાખ બાકીનું પાછું આપી દે.. મેં તારી સાથે ઉગ્ર ચર્ચા પણ કરી હતી.. તે મને ચર્ચા ના અંતે ફક્ત એટલુંજ કીધું હતું... દોસ્ત ખરાબ કર્મના કુંડાળામાં પગ ભૂલથી પણ ન મુક્તો... ભગવાન પણ નહીં બચાવી શકે... તને કારણ એ પોતે કર્મબંધનથી બંધાયેલો હોય છે. મેં કીધું હા દોસ્ત મને હજુ બધું જ યાદ છે. રોહિતનું અચાનક હાર્ટફેલથી અવસાન થયું... તમારા બન્ને વચ્ચે મૌખિક લાખો કરોડોની લેવડ દેવડ હતી.. રોહિત પોતાની ડાયરીમાં આ લેવડ દેવડ લખતો હતો. તેમાં તારે એ સમયે સવા કરોડ રોહિત ના પરિવાર ને ચૂકવવા ના નીકળતા હતા. એ સત્ય હકીકત તું પણ જાણતો હોવા છતાં તે આ ડાયરી નો હિસાબ ખોટો છે કહી વાત ને નકારી કાઢી હતી. રોહિતની પત્ની અને તેનો છોકરો દેવાંગ સંસ્કારી અને ધાર્મિક સ્વભાવ ના હતા. તેઓએ હાથ જોડી ત્યારે તને કીધું હતું... તમારી અને પપ્પાની કાચી ચિઠ્ઠીનો હિસાબ હું જાણતો નથી... પણ પપ્પાની ડાયરી માં હિસાબ તારીખ સાથે લખેલ છે. છતાં પણ મેં પપ્પા નો હિસાબ મારા ઠાકોરજી ને સોપ્યો છે. તમને એટલું જરુર કહીશ... એક વખત ઘરે જઈ હિસાબ બરાબર જોઈ લેજો... અંકલ... કારણકે મારો ઠાકોરજી હિસાબ કરવા જ્યારે બેઠો ત્યારે છાતી ઉપર પગ રાખી રુપિયા કઢાવશે. હા એને એ પણ યાદ રાખજો.... મારા હક્કના રુપિયા તમારા ઘરમાં હશે... તો તમારે જાતે મને રુપિયા અહીં આપવા આવવા પડશે... સમીર તને હજુ બધું યાદ છે? ભાવેશ બોલ્યો હા ભાવેશ બોલ્યો... હા ભાવેશ... જીવનમાં અમુક સમય સ્થળ, સંજોગ અને બનાવ જીવનના અંત સુધી ભૂલાતા નથી... રોહિત પણ મારો મિત્ર અને તું પણ મારો મિત્ર... તમારા બન્નેની લેવડ દેવડ મને ખબર ન હતી પણ રોહિતનો છોકરો દેવાંગની આંખની ભાષામાં સત્ય હતું સાથે ભગવાન ઉપર નો સંપૂર્ણ વિશ્વાસ હતો. પણ અચાનક તેના ઘરે જવાનું કારણ... મેં પૂછયું. જો દોસ્ત... મારો પુત્ર સંતોષનો ગંભીર કાર અકસ્માત બે દિવસ પહેલા થયો છે. અત્યારે ICU માં છે... ડોક્ટર ખૂબ પ્રયત્ન બચાવવા માટે કરી રહ્યા છે... જીવન મરણનો ખેલ છે... બચે તો પણ કોઈ શારિરીક ખામી આવે તેવી બીક છે... મારી પાસે કરોડો રુપિયા છે... સામે વારસદાર એક જ છે... મન મારુ ગભરાઈ રહ્યું છે... દોસ્ત ચાલ ઉભો થા દોસ્ત... આજે મોડું ન કરતો. અમે કારમાં રોહિતના ઘરે પહોંચ્યા... રોહિતના પત્ની સ્વાતિ અમને ઓળખી ગઈ. તેમણે અમને આવકાર આપ્યો... થોડીવાર પછી... સ્વાતિએ ભાવેશ સામે હાથ જોડી પૂછયું... ભાવેશભાઈ હજુ કંઈ હિસાબ ચૂકવવાનો અમારા તરફથી બાકી છે... ના સ્વાતિ ભાભી.. ડાયરી ખોલવા નો સમય થયો છે... તમારો મતલબ હું નથી સમજી સ્વાતિ બોલી... રહિતની ડાયરી આપો... ભાભી. ત્યાં બહારથી દેવાંગ આવ્યો ૨૦ વર્ષના લાંબા ગાળા પછી મળ્યા હોવાથી તે અમને ઓળખી શક્યો નહીં... તેણે તેની મમ્મી સામે જોયું... બેટા તારા પપ્પાના જુના મિત્ર... ભાવેશભાઈ અને સમીરભાઈ... દેવાંગ અમને હાથ જોડી સોફામાં બેઠો... પછી ધીરે થી ભાવેશ સામે જોઈને બોલ્યો, બોલો અંક આ તરફ...બેટા પહેલા એ કહે તું અત્યારે શું કરે છે?

અંકલ એ સમય જતો રહ્યો. જ્યારે તમારે ખરેખર પૂછવાનું હતું... છતાં પણ તમને જણાવી દઉં... હું આપણા શહેરની મોટી હોસ્પિટલ "**શ્રેય**" માં ડોક્ટર છું... ખાસ કરીને સર્જરીમાં નિષ્ણાંત ડોક્ટરોમાં મારું નામ છે. ભાવેશ ઉભો થઈ ગયો... બેટા ત્યાંજ મારો પુત્ર ICUમાં છે....

દેવાંગ કીધું નામ.... સંતોષ... ભાવેશ બોલ્યો. દેવાંગે કીધું અંકલ એ મારા ઓબઝરવેશન હેઠળ છે. ભાવેશ હાથ જોડી બોલ્યો બેટા તને શું લાગે છે? જુઓ અંકલ ક્રિટિકલ તો છે પણ હિંમત હારી જવા જેવું પણ નથી. જ્યારે સંતોષ ને દાખલ કરવામાં આવ્યો તેના કરતા હાલમાં તબિયત સુધારા ઉપર છે.

ઘણી વખત દવા કરતા દુવા કામ કરે છે... ઠાકોરજી રક્ષા કરશે... ચિંતા ન કરો... અમે ડોક્ટર તો લોકોના દુઃખ દર્દ દૂર કરી શકીયે... બાકી જીવનની દોર તો ઈશ્વર ના હાથમાં છે.

બોલો... આપનું આ બાજુ આવવાનું કારણ? બેટા તારા પરિવાર સાથે દગો કરનાર વ્યક્તિ સાથે પણ તું આટલી શાંતિપૂર્વક અને વિવેકપૂર્ણ વાત કરે છે. તારામાં કોઈ ખાસ વાત છે... અરે અંકલ તમે દગો કર્યો, કે વિશ્વાસઘાત કર્યો આ કેસ મેં ઉપરવાળા ની અદાલતમાં વર્ષો પહેલા સોંપી દીધો છે... તેમાં તારીખો ન પડે સીધો ફેંસલો... હવે એ જ નક્કી કરશે. તમને કે મારે નક્કી કરવાનો અધિકાર નથી... માનવસર્જિત અદાલત કચેરી માંથી સતા કે રુપિયા ના જોરે એક વખત કોઈ પણ વ્યક્તિ છૂટી જાય છે. પણ ઈશ્વરની અદાલતમાંથી કદી છૂટી શકતો નથી. વાહ બેટા મેં તને ઓળખવામાં ભૂલ તો કરી છે... બેટા દેવાંગ.... રોહિતની ડાયરી મને આપ આજે હું જુનો હિસાબ ચૂકવવા આવ્યો છું... દેવાંગ બોલ્યો શું ઉતાવળ છે? બેટા તારા શબ્દો તું જ યાદ કર... મારો ઠાકોરજી લેવા જ્યારે બેસશે. ત્યારે છાતી ઉપર પગ રાખી કઢાવશે. આ કોરો ચેક હિસાબ પણ તારો અને વ્યાજ પણ તારું તે જ કીધું હતું ને મારા હક્કના રુપિયા હશે તો તમારે મારા ઘરે આપવા આવવા પડશે... લે આજે હું તારા ઘરે તારા હક્કના રુપિયા આપવા આવ્યો છું.

અંકલ તમે અત્યારે મુસીબતમાં છો. આ પરિસ્થિતિમાં રુપિયા લેવડ દેવડ મને યોગ્ય નથી લાગતી. સંતોષને સારું થઈ જાય પછી આપણે સાથે બેસી હિસાબ કરશું. મારી પાસે કે ભાવેશ પાસે બોલવા માટે કોઈ શબ્દો ન હતા. રુપિયાની ભૂખ માણસને જાનવર બનાવી દે છે. સંબંધોની ગહનતા ભૂલવડાવી દે છે... પણ આજે દેવાંગને મળવાથી તેની વાતો સાંભળવાથી મને એવું લાગ્યું ભગવાનમાં માત્ર શ્રદ્ધા નહીં વિશ્વાસ પણ રાખવો જોઈએ... ભાવેશ ભીની આંખે બોલ્યો બેટા તારી ભક્તિ પ્રભુ પ્રત્યેની શ્રધ્ધાની આજે જીત થઈ છે. ના અંકલ આ પ્રભુ ના ન્યાયની જીત છે. ગરીબ લાચાર, અશક્ત લોકો માટે સંસારમાં લડવા વાળું કોણ? એક માત્ર ઈશ્વર... આવી વ્યક્તિ લાચાર થઈ જ્યારે આકાશ તરફ જુએ ત્યારે સમજી લેવું કેસ ઉપરવાળા ની અદાલતમાં ફાઈલ થઈ ગયો. અંકલ પપ્પા મને કહેતા કર્મ હંમેશા દઝાડે છે.

આનંદ કરતા પરિવાર ઉપર અચાનક આફત આવે તો સમજી લેવું ખોટા રુપિયા ઘરમાં આવ્યા છે. અથવા કર્મનો હિસાબ ચૂકવવા નો સમય થયો છે. અમારા પણ ગત જન્મના લેણદેણ હશે જે પુરા થયા એટલે અચાનક પપ્પા અમને મૂકી જતા રહ્યા... દેવાંગ ઢીલો થઈ બોલ્યો. તમે આનંદમાં હો ત્યારે સમજી લ્યો સ્તકર્મનું બેલેન્સ ખાલી થઈ રહ્યું છે... અને તમે દુઃખી અથવા કોઈ પીડા ભોગવતા હો ત્યારે સમજી લ્યો તમારા દુષ્કર્મની સજા તમે કાપી રહ્યા છો... સ્તકર્મનું બેલેન્સ વધારતા રહો અને સદા આનંદમાં રહો... ભાવેશ ઉભો થઈ ગયો ને ભેટી પડયો. તારા પપ્પા આટલા સંસ્કારી તથા ધાર્મિક હતા. તેના સંપર્કમાં હું હતો તો પણ તેને હું ઓળખી ન શક્યો... બેટા મને માફ કર. જયશ્રી કૃષ્ણ બેટા, આ સાઈન કરેલો કોરો ચેક તારા પપ્પાની ડાયરીમાં રાખ. મારા આયુષ્યની મને પણ ખબર નથી. આ લેણદેણ ના સંબંધ મારે અહીં આ જન્મમાં જ પુરા કરવા છે કહી ભાવેશ રડી પડયો. મેં ઉભા થતા દેવાંગ ને કીધું બેટા લોકો ગીતાજી વાંચે છે તેનો એક મહત્વપૂર્ણ સંદેશ પણ વાંચે છે. મારા ભાગ્યમાં લખેલ હશે તો દુનિયા ની કોઈ પણ તાકાત ઝૂંટવી નહીં શકે અને જો મારા ભાગ્યમાં નહીં હોય તો દુનિયાની કોઈ પણ તાકાત એ મને અપાવી નહીં શકે.

**સંકલન : જયેશ શરદચંદ્ર વસા**

# કાંદિવલી મંડળ સ્નેહ મિલન -૨૦૨૩



શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ કાંદિવલી નો ૨૦૨૩ -૫હેલો વાર્ષિક પ્રોગ્રામ તા.૧૮-૬-૨૦૨૩ ના સવારે વર્ધમાન સ્થાનિકવાસી ઉપાશ્રયમાં રાખવામાં આવ્યો હતો. પ્રોગ્રામનું સફળતા પૂર્વક સંચાલન કાંદિવલી મંડળના પ્રમુખ શ્રી શૈલેષભાઈ વોરા ના નેતૃત્વ હેઠળ દીપ પ્રાગટ્ય કાંદિવલી મંડળ ના સિનિયર સિટીઝનસ શ્રી વિનોદભાઈ વસા, શ્રી રસિકભાઈ સંઘવી, તેમજ શ્રી રમેશભાઈ મહેતા ના હસ્તે.

નમસ્કાર મહામંત્ર સ્મરણ: ચી.વિદિત વોરા.

પ્રોગ્રામ નું ટાઈટલ **'મસ્તીખોર મેહુલિયો'** સવારે ૧૦.૩૦ વાગ્યાથી પ્રોગ્રામ શરૂ કરવાની ગણતરી સાથે લોકોની હાજરી સારી એવી હતી. સમારંભ ના મુખ્ય અતિથિ વિશેષ કાંદિવલી મંડળ ૧૦ સભ્યોને લક્કી ડ્રો દ્વારા સિલેક્ટ કરી તેમને સ્ટેજ ઉપર સ્થાન આપવામાં આવેલ અને છેલ્લે દરેક ને ૫ ગ્રામ ચાંદીની લગડી આપી બહુમાન કરવામાં આવેલ.

પ્રોગ્રામ ના એન્કર કમ પ્રોગ્રામ ના સંચાલક શ્રી અમિતભાઈએ રંગ રાખ્યો અને ખૂબજ આનંદ કરાવ્યો. તેમને મદદરૂપ થવા માટે મંડળ તરફથી શ્રી રાજેશભાઈ શાહ, તેમજ શ્રી અમીષભાઈ સંઘવી અને એ સારી રીતે શ્રી અમિતભાઈ સાથે કોર્ડિનેટર તરીકે જોડાઈને પ્રોગ્રામ સફળતા પૂર્વક પાર પાડયો હતો.

કાંદિવલી મંડળના આમંત્રણને માન આપીને મુંબઈ સમાજ, ગોરેગામ મંડળ, મલાડ મંડળ, બોરીવલી મંડળ, ભાયંદર મંડળ, નાલાસોપારા મંડળ, ઘાટકોપર મંડળ, મુલુન્ડ મંડળ, દરેક મંડળ ના ૨ પ્રિતનિધિ પધાર્યા હતા અને કાંદિવલી મંડળ ના વાર્ષિક સંમેલન માં ચાર ચાંદ લગાવ્યા. કાંદિવલી મંડળ દરેક મંડળનો આભાર માને છે. તેમજ દરેક પ્રતિનિધિઓ ને બુકે આપીને મંડળ ના સેક્રેટરી શ્રી પિયુષભાઈ શાહ તેમ જ શ્રી અનિલભાઈ શાહ દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

**વાર્ષિક સમાન્ય સભામાં:** ગત મિનિટ્સનું વાંચન તથા છેલ્લા વાર્ષિક હિસાબો શ્રી સર્યકાંતભાઈ વોરા એ વાંચી સંભળાવ્યા અને મિનિટ્સ તેમજ હિસાબ મંડળના સભ્યો દ્વારા સર્વાનુમત્તે પાસ કરવામાં આવ્યા.

ત્યારબાદ કાંદિવલી મંડળની નવી કારોબારી કમિટી વર્ષ ૨૦૨૩ થી વર્ષ ૨૦૨૫ સુધીની માટે જાહેરાત કરી હતી પણ શ્રી વિપુલભાઈ ધીરજલાલ મહેતા એ શ્રી શૈલેષભાઈના નેજા હેઠળ જે પણ યોગ્ય ફેરફાર કરવાનો હોય તે કરવાની છૂટ આપી હતી અને શ્રી શૈલેષભાઈ ના નેજા હેઠળ હાલ જેમ ચાલે છે તે પ્રમાણે સર્વાનુમત્તે મંજુર કરવામાં આવ્યું હતું.

શૈક્ષણિક બહુમાન, ધાર્મિક અભ્યાસ તેમજ ધાર્મિક તપશ્ચર્યા કરેલ તપસ્વી નું બહુમાન નું સંચાલન શ્રી જયેશ વસા એ સંભાળ્યું હતું. કાંદિવલી મંડળ યુનિફોર્મ ગણવેશ યોજના (સમગ્ર મુંબઈ માટે) અને પર્યુષણ વિતરણ યોજના ૫૦% રાહત દરે આપવામાં આવતી વસ્તુ (ફક્ત કાંદિવલી ના સભ્યો પુરતું) ઘણાં વર્ષો ચલાવી રહ્યું છે. આ યોજના હેઠળ કાંદિવલી મંડળ ને અનુદાન આપનાર તમામે તમામ દાતા પરિવારનો કાંદિવલી મંડળ ખુબ ખુબ આભાર માને છે.

કાંદિવલી મંડળ ના અગ્રગણ્યો વડીલો શ્રી કનકભાઈ સંઘવી, શ્રી જયંતીભાઈ પારેખ, શ્રી મહેન્દ્રભાઈ પુનાતર, શ્રી મહેન્દ્રભાઈ વોરા, શ્રી અરુણભાઈ વોરા, શ્રી જયંતભાઈ શાહ, શ્રી અનિલભાઈ દોશી, શ્રી હરકિશનભાઈ શાહ તેમજ અન્ય વડીલો તથા ભાઈઓ અને બહેનો એ પ્રોગ્રામમાં હાજરી આપી તે બદ્દલ મંડળ તમામે મેમ્બર્સ નો ખુબ ખુબ આભાર માને છે.

કાંદિવલી મંડળ ના ઘણા સભ્યોએ રુપિયા ૨૧૦૦૦ તથા ૧૧૦૦૦ નું અનુદાન આપેલ છે અને કાંદિવલી મંડળ દરેકનો હૃદય પૂર્વક આભાર માને છે અને કાંદિવલી મંડળ ૮૦-G આપે છે.

કાંદિવલી માં રહેતા ચિ.તનય સુશીલભાઈ શાહ ICSC બોર્ડમાં આખા ઈન્ડિયા માં ૯૯.૮૦% પ્રાપ્ત કરી પ્રથમ રેન્ક પ્રાપ્ત કરેલ હતી અને તેમનું બહુમાન વિશેષ ટ્રોફી દ્વારા કાંદિવલી મંડળ ના અગ્રગણી ઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

ધારા સંજય પારેખ ICSC બોર્ડમાં ૯૫.૬૦% પ્રાપ્ત કર્ય તેમનું બહુમાન સમાજના અગ્રગણીઓ દ્વારા કરવામાં આવયું હતું.


શ્રી મનીષભાઈ મહેતા, શ્રી રાજેશભાઈ સાવડીયા, શ્રી ગિરીશભાઈ દોશી, શ્રી મનીષભાઈ વોરા, શ્રી કેતનભાઈ વસા, શ્રી નિમેષભાઈ દોશી, તમામ કમિટી મેમ્બર્સ એ ડેકોરેશન, કેટરિંગ, આમંત્રિત મહેમાનો ને આવકાર, રૂા.૩૦૦૦ કલેકશન,વગેરે સંપૂર્ણ જવાબદારી પાર પાડી. મંડળ તેમનો ગર્વ અનુભવે છે.

કાંદિવલી મંડળ ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન મંડળ ના દરેક મેમ્બર્સ ના ફેમીલી દીઠ રુપિયા ૩૦૦૦/- પંચવર્ષીય યોજના હેઠળ ૨૦૧૯ માં ચાલુ કરવામાં આવી હતી. અને કાંદિવલી ના દરેક સભ્યોએ ખુશી સાથે સાથ અને સહકાર આપ્યો. આ પ્રોગ્રામ નું આયોજન આજ ફંડ માંથી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨ તેમજ ૨૦૨૩ દરમિયાન કાંદિવલી માં રહેતા અવસાન પામેલા દરેક વ્યક્તિઓને ૨ મિનિટ ના મૌન દ્વારા શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ત્યાં છેલ્લે લોકોએ રસ પૂરી નું જમણ તેમજ અન્ય વાનગી નો સ્વાદ લઈ બધા છુટા પડયા.

આ પ્રોગ્રામ ની તમામ **'સફળતા નું શ્રેય'** દરેક મંડળ ના માનવંતા મહેમાનો, મંડળ ના ભૂતપૂર્વ હોદેદારો, મંડળ ના તમામ વડીલો તેમજ કાંદિવલી મંડળ મેમ્બર્સની હાજરી ને હિસાબે જાય છે.


FIRST TIME RAAS GARBA EVENT
IN THE HISTORY OF
SHREE SORATH VISHASHREEMALI JAIN SAMAJ.
MUMBAI
સાંસ્કૃતિક કાર્યક્રમ
raas garba
શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ,
મુંબઈ
સુવર્ણ જયંતિ વર્ષ
સાંસ્કૃતિક કાર્યક્રમ
raas garba
With - M. J.
(Manish Joshi)
01/10/2023 | Sunday
6.30 PM Onwards Followed By dinner
Venue- 4th floor, Raghuleela Mall, Kandivali (west)
On behalf of
Shri Sorath Vishashreemali Jain Samaj, Mumbai.
President- Kiritkumar Prabhulal Mehta
Convenor- Ashish V. Mehta
Co-Convenor- Kamal K. Doshi
Event Committee : Dhiren Vasa, Sanjay Mehta, Shailesh Vora




Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR